# जैन धर्म प्रकाश.

भो भद्राः केयमविद्या ? कोऽयं मोहः ? केयमात्मवञ्चनता ? केयमात्मवैरिकता ? येन यूयं गृध्यथ विषयेषु । मुह्यथ कलत्रेषु । लुभ्यथ धनेषु । स्निह्यथ स्वजनेषु । हृष्यथ यौवनेषु । तुष्यथ निजरूपेषु । पुष्यथ प्रियसङ्गतेषु । रुष्यथ हितोपदेशेषु । दुष्यथ गुणेषु । नश्यथ सन्मार्गात्सत्स्वप्यस्मादृशेषु सहायेषु । प्रीयथ सांसारिकसुखेषु । न पुनर्यूयमभ्यस्यथ ज्ञानं । नानुशीलयथ दर्शनं । नानुतिष्ठथ चारित्रं । नाचरथ तपः । न कुरुथ संयमं । न संपादयथ सद्भूतगुणसंभारभाजनमात्मानमिति । एवं च तिष्ठतां भवतां भो भद्रा निरर्थकोऽयं मनुष्यभवः । निष्फलमस्मादृशसन्निधानं । निष्प्रयोजनो भवतां परिज्ञानाभिमानः । अकिञ्चित्करमिव भगवद्दर्शनासादनं । एवं हि स्वार्थभ्रंशः परमवशिष्यते । स च भवतामज्ञत्वमालक्षयति । न पुनश्चिरादपि विषयादिषु संतोषः। तन्न युक्तमेवमासितुं भवादृशां । अतो मुञ्चत विषयप्रतिबन्धं । परिहरत स्वजनस्नेहादिकं । विरहयत धनभवनममत्वव्यसनं । परित्यजत निःशेषं सांसारिकमलजंबालं । गृह्णीत भागवतीं भावदीक्षां । विधत्त संज्ञानादिगुणगणसंचयं । पूरयत तेनात्मानं । भवत स्वार्थसाधका यावत्सन्निहिता भवतां वयं ।

उपमिति भवप्रपञ्चा कथा.

પુસ્તક ૩૦ મું. વૈશાખ. સં. ૧૯૭૦. શાકે ૧૮૩૬. અંક ૨ જો.

## द्युत (जुगार) निषेधक पद.

( સૈદા તારો ખુબ છે હહાડો રે—એ રાગ. )

જુગાર ન ખેલીએ ભાઈ રે, જુગારીની જૂઠી કમાઇ રે. એ ટેક.

અમીર સમાન જે શોભતા ક્ષણમાં, ક્ષણમાં તે રંક સમાન;
વૈભવ વ્યર્થ જુગારીનો જાણીએ, જેમ ચળ કુંજર[1] કાન.
મૂળ ધન કીર્ત્તિ ગમાઇ રે, કરે ચોરી દુઃખદાઇ રે. જુ૦ ૧

૧ હાથીના કાન.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઘરસૂત્ર[1]ને ઘર મૂકે ઘરાણે, વેચે દાગીના ને વસ્ત્ર;
ચૂકે દાવ ને હારે બાજી તો, હેઠા પડે હાથ શસ્ત્ર;
રહે બરકત ન કમાણી રે, હારે જીતે પણ ધુળધાણી રે. જુ૦ ૨
સાતે વ્યસનો જુગારીના અંગમાં, કરી રહ્યાં છે સગાઈ;
જેમ હારે તેમ બમણો રમે એ, કહેવત ખોટી ન કાંઈ.
જુગારીનું ધન નહિ સ્થાઇ રે, આવે તેમ જાયે લુંટાઇ રે. જુ૦ ૩
શેર અફીણ રૂ જોટાનો સટ્ટો, બટ્ટો લગાડે છે અંગ;
બાપ જુગારનો સટ્ટો બધો છે, કરીએ ન એનો સંગ.
થયા શ્રીમંત ભીખારી રે, રડે ઘેર રાંડ મ્હોં વાળી રે. જુ૦ ૪
પાંડવ ને નળ ભૂપતિ હાર્યા, રાજ્ય જુગારને પાપ;
મોટાઈનું માન મુકાવ્યું પિશાચે, ધિક્ જુગારીની છાપ.
ભોળે સાત પરીયા જુગારી રે, નાતે જાતે શાખ નઠારી રે. જુ૦ ૫
જુગારીને કોઈ પાસે ન રાખે, ધીરે ન દામ ને ઠામ;
**સાંકળચંદ** ન જંપ જુગારીને, ચાલે કોરટમાં કામ.
જાયે જેલજાત્રા[2] જુગારી રે, તજો એ ટેવ નઠારી રે. જુ૦ ૬

# ज्ञानसार सूत्र विवरण.

## तत्त्वदृष्टि अष्टक. (१९)

(લેખક-સન્મિત્ર કર્પૂરવિજયજી)

આત્મશ્લાઘાથી દૂર રહી જે નમ્ર ભાવે જ્ઞાન-જ્ઞાનીની ભક્તિ-આરાધના કરે છે તે બાહ્યદૃષ્ટિપણાના વિકારથી વિરમીને તત્ત્વદૃષ્ટિપણાના પરિણામને પામે છે, તેથી શાસ્ત્રકાર એ ઉભયના ગુણ દોષ દાખવીને તત્ત્વજ્ઞતા તરફ જીવને વલણ કરવા અત્ર ઉપદિશે છે.

रूपे रूपवती दृष्टि-र्दृष्ट्वा रूपं विमुह्यति ॥
मज्जत्यात्मनि नीरूपे, तत्त्वदृष्टिस्त्वरूपीणी ॥ १ ॥

**ભાવાર્થ**—બાહ્યદૃષ્ટિ જીવ પૌદ્ગલિક રૂપ જોઇને મુંઝાય છે-મૂઢ બની જાય છે, પણ અરૂપી એવી તત્ત્વદૃષ્ટિ તો નિર્મલ નિરાકાર આત્મસ્વરૂપમાંજ મગ્ન થઈ રહે છે. બાહ્યદૃષ્ટિ બહાર દોડે છે અને અંતરદૃષ્ટિ સ્વભાવમાં રમે છે. ૧.

૧ ઘરસૂત્ર-સ્ત્રી. તેને પણ ઘરેણે મુકે. જુઓ પાંડવોએ દ્રૌપદીને પણમાં મુકી હતી અને હારી પણ ગયા હતા. ૨ કેદમાં જાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**વિવે૦**—આ અષ્ટકનો અર્થ લેખક મહાત્માએ વિસ્તારથી લખેલ હોવાથી વિશેષ વિવેચન લખવા જેવું નથી તોપણ સંક્ષેપમાં કાંઇક લખ્યું છે.

બાહ્યદૃષ્ટિ ને તત્ત્વદૃષ્ટિ જીવોનો મોટો તફાવતજ એજ છે કે—એક પૌદ્ગલિક સુખમાં–તેના લાભને માટે દોડાદોડ કરે છે, ત્યારે બીજો આત્મિક સુખમાં તેના લાભને માટે પ્રયત્ન કરે છે. તેને તેજ ગમે છે, રૂચે છે, પસંદ આવે છે, કર્ત્તવ્યતાજ તેમાં ભાસે છે. બીજા બધા ફાંફા લાગે છે. ૧

**भ्रमवाटी बहिर्दृष्टि–र्भ्रमच्छाया तदीक्षणं ॥**

**अभ्रान्तस्तत्त्वदृष्टिस्तु, नास्यां शेते सुखाशया ॥ २ ॥**

**ભાવાર્થ**—બાહ્યદૃષ્ટિ એ ભ્રમની વાડી છે અને બાહ્યદૃષ્ટિથી જોવું એ ભ્રમની છાયા છે. તેમાં ભ્રાંતિ રહીત તત્ત્વદૃષ્ટિ તો સુખની આશાથી સૂતો નથી પણ પુદ્ગલાનંદી–બાહ્યદૃષ્ટિ જરૂર તેમાં સુખ બુદ્ધિથી વિશ્રાંતિ કરે છે. ૨.

**વિવે૦**—બાહ્યદૃષ્ટિરૂપ ભ્રમની વાડીમાં પુદ્ગળાનંદી જીવોજ આરામ લે છે. તત્ત્વદૃષ્ટિ જીવ તો તેનાથી દૂર નાસે છે. તેની છાયા પણ તેને ગમતી નથી. તેની છાયામાં રહેવાથી તેને અસર થયા સિવાય રહેતી નથી, કારણકે આ જીવ અનાદિ કાળથી પૌદ્ગલિક સુખનો રસીયો છે, એટલે તેનો વધારે પરિચય થતાં પૂર્વલો ભાવ સ્ફુરે છે, જેથી તેમાં આસક્ત થઈ જવાય છે. તેથી તત્ત્વદૃષ્ટિ જીવ તેનાથી દૂરજ રહે છે. ૨

**ग्रामारामादि मोहाय, यद्दृष्टं बाह्यया दृशा ॥**

**तत्त्वदृष्ट्या तदेवांत–र्नीतं वैराग्यसंपदे ॥ ३ ॥**

**ભાવાર્થ**—ગામ, આરામ આદિ બાહ્યદૃષ્ટિથી જોતાં જરૂર જીવને મોહ ઉપજાવે છે, પણ તત્ત્વદૃષ્ટિથી જોતાં તો તે વૈરાગ્યરસની વૃદ્ધિ માટેજ થાય છે; બાહ્યદૃષ્ટિ જીવ મધની માખીની જેમ તેમાં મુંઝાઈ મરે છે, પણ તત્ત્વદૃષ્ટિ તો સાકરની માખીની પેરે મિષ્ટ સ્વાદ લઇ તેમાંથી સુખે મુક્ત થઈ શકે છે. તત્ત્વદૃષ્ટિપણું જાગતાં ( પ્રાપ્ત થતાં ) ચક્રવર્તી પોતે પોતાની સકલ સમૃદ્ધિને સહજમાં તજી દઇ સંયમનો સ્વીકાર કરે છે. પરંતુ મૂઢદૃષ્ટિ એવો ભીખારી પોતાનું ભોજનપાત્ર (રામપાત્ર) પણ ત્યજી શકતો નથી, એ સર્વ મોહનોજ મહિમા છે. ૩.

**વિવે૦**—બાહ્યદૃષ્ટિ જીવને જે જે વસ્તુ જોતાં મોહ થાય છે, પ્રેમ ઉપજે છે અને જેના લાભથી આનંદિત થાય છે, તે તે વસ્તુ જોતાં તત્ત્વદૃષ્ટિ જીવને વૈરાગ્ય આવે છે, અભાવ ઉપજે છે અને તેના લાભને તે ઇચ્છતો નથી. એટલુંજ નહીં પણ પ્રાપ્ત થયેલ હોય તે પણ તજી દે છે. તત્ત્વદૃષ્ટિને પ્રાપ્ત થયા પછી ચક્રવર્તીની ઋદ્ધિ તજી દેવી તે તેના મનમાં કાંઇ મુશ્કેલ લાગતી નથી,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સહજમાં તેને તજી દે છે. કારણવશાત્ કદી તે છોડતાં વિલંબ કરે છે ત્યારે પણ તે સાકરની માખીની જેમ તેમાં ચોંટયા સિવાય–આસક્ત થયા સિવાય તેનો સ્વાદ લે છે. તેટલા માટેજ સંસારમાં દુઃખી છતાં આસક્ત જીવોને લીંટની માખીની ઉપમા આપી છે અને સુખી હોવાથી તેમાં લીન થઇ જનારને મધનો સ્વાદ લેતાં તેમાં ચોંટી જનારી માખીની ઉપમા આપી છે. તત્ત્વદૃષ્ટિ જીવો જ સુખી છતાં તેમાં આસક્ત ન હોવાથી સાકર પર બેઠેલી માખીની ઉપમાને યોગ્ય છે ૩.

बाह्यदृष्टिः सुधासार–घटिता भाति सुंदरी ॥
तत्त्वदृष्टेस्तु सा साक्षा–द्विण्मूत्रपिठरोदरी ॥ ४ ॥

**ભાવાર્થ**—બાહ્યદૃષ્ટિ જીવ, સુંદરી ( સ્ત્રી ) ને અમૃતના નિચોલથી ઘડેલી માને છે, પણ તત્ત્વદૃષ્ટિ તો તેણીને વિષ્ટામૂત્રાદિક અશુચિથી ભરેલા દેહવાળીજ માને છે. બાહ્યદૃષ્ટિ જીવ કોઈ સુંદર સ્ત્રીને દેખી તેણીના રૂપ લાવણ્યમાં મુંઝાઇ તેમાં પતંગની પેરે ઝંપલાય છે, પણ તત્ત્વદૃષ્ટિ તો તેણીને અશુચિમય સમજીને તેથી વહન દૂરજ રહેવા ઇચ્છે છે. તત્ત્વદૃષ્ટિ વિષયસુખને વિષ સમાનજ લેખે છે. ૪.

**વિવે૦**—બાહ્યદૃષ્ટિ જીવો સ્ત્રીના રૂપ લાવણ્યમાં મોહ પામી તેને સુધારસથી ભરેલી માને છે અને તેના અંગોપાંગને ચંદ્રની, સુવર્ણ કળશની, ગજગતિની, મૃગના નેત્રની ઇત્યાદિ અનેક ઉપમાઓ આપી વધારે વધારે આસક્ત થતા જાય છે. તેજ સ્ત્રીને તત્ત્વદૃષ્ટિ જીવો વિષ્ટા, મૂત્ર, હાડ, માંસ, રૂધિર, ત્વચા વિગેરે દુર્ગંધથી વ્યાપ્ત સાત ધાતુથી બનેલી–તેનાથી ભરેલી–તદ્રૂપ માને છે. તેને તેમાં કોઇ પણ વિભાગ સુંદર કે પ્રશંસનીય લાગતોજ નથી. તેના રૂપ લાવણ્યમાં આસક્ત થઇ ગયેલા જીવોને તે ઘેલા બની ગયેલા અથવા મોહ મદિરાનું પાન કરવાથી ઉન્મત્ત થઇ ગયેલા માને છે. ૪.

लावण्यलहरी पुण्यं–वपुः पश्यति बाह्यदृक् ॥
तत्त्वदृष्टिः श्वकाकानां, भक्ष्यं क्रिमिकुलाकुलं ॥ ५ ॥

**ભાવાર્થ**—બાહ્યદૃષ્ટિ જીવ શરીરને લાવણ્ય લહરીથી પવિત્ર માને છે, પણ તત્ત્વદૃષ્ટિ તો તેને નાના પ્રકારના કરમીયાં વિગેરેથી ( ક્ષુદ્ર જંતુઓથી ) ભરપૂર અને ફક્ત કાગડા કુતરાવડે ભક્ષણ કરવા યોગ્યજ માને છે. તેને બાહ્યદૃષ્ટિની પેરે ક્ષણિક, અશુચિ અને ભૌતિક દેહપ્રપંચમાં મુંઝાઈ સ્વકર્તવ્ય વિમુખ થવાનું હોતું નથી. તે તો ક્ષણવિનાશી દેહદ્વારા બની શકે તેટલું સ્વહિત સાધી લેવા સાવધાન થઇ રહે છે. વિનાશી દેહનો વિશ્વાસ કરતોજ નથી. ૫.

**વિવે૦**—બાહ્યદૃષ્ટિ જીવો સુંદર સ્ત્રીને લાવણ્યવાળી અને અનેક પ્રકારે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિગેરે તુચ્છ પશુપક્ષીનું ભક્ષ છે એમ માને છે. અને તેથી તેમાં કિંચિત્ પણ આસક્ત થતા નથી. સ્ત્રીનો કે પુરૂષનો સુંદર દેખાતો દેહ પરિણામે વિનશ્વર છે, વ્યાધિનું સ્થાન છે, વ્યાધિથી ભરેલો છે, તેને વિરૂપ થતાં વાર ન લાગે એવો છે અને જ્યારે તેમાંથી હંસ (જીવ) ઉડી જાય ત્યારે જો તરતમાં અગ્નિસંસ્કાર કરવામાં ન આવે તો અનેક પ્રકારના જંતુઓ તેમાં ઉત્પન્ન થાય છે, ગંધાઇ ઉઠે છે અને કાગડા કુતરા વિગેરે તુચ્છ અને હલકા પશુ પક્ષીજ તેને ગ્રહણ કરે છે, ઉત્તમ ગણાતા પશુ પક્ષીઓ પણ તેને ગ્રહણ કરતા નથી, તેનાથી દૂર નાસે છે-એવા અશુચિમય દેહમાં તત્ત્વદૃષ્ટિ જીવ આસક્ત કેમ થાય? અર્થાત્ નજ થાય. ૫.

गजाश्वैर्भूपभवनं, विस्मयाय बहिर्दृशः ॥
तत्राश्वेभवनात्कोऽपि, भेदस्तत्त्वदृशस्तु न ॥ ६ ॥

**ભાવાર્થ**—બાહ્યદૃષ્ટિ જીવ રાજાના મહેલમાં હાથી, ઘોડાની સાહેબી જોઇ ચકિત થઇ જાય છે, પરંતુ તત્ત્વદૃષ્ટિને તો તેમાં હાથી ઘોડાના વનથી કંઇ વિશેષ લાગતું નથી. તેને તો તેવો મહેલ વન સમાનજ લાગે છે. ૬.

**વિવે૦**—બાહ્યદૃષ્ટિ જીવો રાજાના મહેલ પાસે હાથી ઘોડા વિગેરે બાંધેલા જોઇ આનંદ પામે છે, તેને સુખી માને છે અને પોતે તેવી સંપત્તિ ઇચ્છે છે; પરંતુ તત્ત્વદૃષ્ટિ જીવ તો વનમાં સંખ્યાબંધ હાથી ઘોડા હોય છે એમ જાણી રાજાના મહેલને વન સમાનજ લેખે છે-તેને રાજમહેલમાં કાંઈ વિશેષપણું લાગતું જ નથી. મહેલમાં તો થોડા ઘણા હાથી ઘોડા હોય છે અને વનમાં તો સંખ્યાબંધ હોય છે એટલે વનથી મહેલમાં તેને વિશેષ ફેર જણાતો નથી. ૬.

भस्मना केशलोचेन, वपुर्धृतमलेन वा ॥
महान्तं बाह्यदृग् वेत्ति, चित्साम्राज्येन तत्त्ववित् ॥ ७ ॥

**ભાવાર્થ**—બાહ્યદૃષ્ટિ જીવ, ભસ્મ લગાવવાથી, કેશનો લોચ કરવાથી અને મલમલીન દેહ રાખવાથી કોઇને મહંત માને છે. પણ તત્ત્વદૃષ્ટિ તો તેની અંતર સમૃદ્ધિથીજ-જ્ઞાન વૈરાગ્યથીજ તેને તેવો લેખે છે. તત્ત્વદૃષ્ટિ આત્મા બાહ્યદૃષ્ટિની પેરે ઉપરના ડોલડિમાક માત્રથી કોઇને મોટો માની લેતો નથી. તે તો તેના સદ્ભુત ગુણોની સારી રીતે પરીક્ષા કરીનેજ તેમ માને છે. ૭.

**વિવે૦**—બાહ્યદૃષ્ટિ જીવો ત્યાગી બાવા, સન્યાસી, જોગી, જતી કે સાધુ મુનિવરોમાં ઉપરનો વેષ અથવા ભસ્મ ચોળવી કે કેશનો લોચ કરવો ઇત્યાદિ બાહ્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્રિયાઓ જોઇને તેને ત્યાગી વૈરાગી માની બેસે છે પણ તત્ત્વદૃષ્ટિ જીવો તેમ માનતા નથી. તે તો તેનું અંતઃકરણ જુએ છે. તેમાં ત્યાગવૃત્તિનો ભાસ થાય, સંસાર પર ઉદાસીનતા છે એમ જણાય, વિષય કષાયની મંદતા લાગે તોજ તેને ત્યાગી વૈરાગી માને છે. તેની ખરી કસોટી કરી જુએ છે. કસોટી કરવાની તેનામાં શક્તિ હોય છે તેથી તે પરીક્ષા કરી શકે છે. બાહ્યદૃષ્ટિ જીવો મુગ્ધ હોય છે તેથી તે પરીક્ષા કરી શકતા નથી અને ઉપરના દેખાવથી મુંઝાય છે. ૭.

न विकाराय विश्वस्यो–पकारायैव निर्मिताः ॥
स्फुरत्कारुण्यपीयूष–वृष्टयस्तत्त्वदृष्टयः ॥ ८ ॥

**ભાવાર્થ** અત્યંત કરૂણારૂપી અમૃતને વર્ષનારા તત્ત્વદૃષ્ટિ પુરૂષો વિશ્વના તિલમાત્ર અહિતને માટે નહિં, કિંતુ કેવળ ઉપકારને માટેજ નિર્માણ થયેલા હોય છે; તત્ત્વદૃષ્ટિ મહાપુરૂષોનો જન્મ લોકના અભ્યુદય માટે જ થાય છે. તેઓ પરમાર્થથી અંધ એટલે અજ્ઞાન લોકોને, ખરી આંખો આપીને ઉદ્ધરે છે. તેઓ પરમાર્થ પંથ બતાવીને અવળે રસ્તે ચઢેલાઓને સવળે રસ્તે ચઢાવે છે. તેઓજ અનાથના નાથ અને અશરણના શરણ છે. તેઓજ વિશ્વના ખરા મિત્ર, બંધુ કે પિતા છે, અને તેથીજ સદા તત્ત્વદૃષ્ટિ જનો સર્વદા સુખના અર્થી જનોવડે અવલંબવા યોગ્ય છે. તેવા નિઃસ્વાર્થ મિત્ર વિના વિશ્વનો કદાપિ ઉદ્ધાર થવાનોજ નથી. જ્યારે ત્યારે તેવા નિષ્કારણ બંધુ મળ્યેજ મુક્તિ થવાની છે, તેથી મોક્ષાર્થી જનોએ તેવા જગત બંધુનીજ જપમાળા ગણવી યોગ્ય છે. તેવા ખરા પરોપકારી પુરૂષોત્તમનીજ સેવા સાચા દિલથી કરનારા સાધક પુરૂષોની સિદ્ધિ જ્યાં ત્યાં સુખેથી થઈ શકે છે. માટે પ્રથમ બીજાં બધાં ફાંફાં મારવા મૂકી દઈ એજ કરવા યોગ્ય છે. ૮.

**વિવેક**—તત્ત્વદૃષ્ટિ જીવો જગતના ઉપકાર કરવા માટેજ જન્મ્યા હોય એમ જણાય છે. તેઓ જીંદગી પર્યંત પરોપકારજ કરે છે અને તે પરોપકાર પણ સાંસારિક લાભ આપનારો કરતા નથીઃ પરંતુ આત્મિક લાભ આપે તેવો પરમ શ્રેષ્ઠ ઉપકાર કરે છે અને તે પરોપકારવડેજ સ્વોપકાર કરીને પોતાના આત્માનો પણ આ દુઃખરૂપ સંસારમાંથી ઉદ્ધાર કરે છે. ધન્ય છે એવા ઉપકારી તત્ત્વદૃષ્ટિ મહાત્માઓને ! તેમના જન્મવડેજ આ **વસુંધરા બહુરત્ના** કહેવાય છે. ૮.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ઉપમિતિ ભવપ્રપંચા કથાની પ્રસ્તાવનાનો અનુવાદ.

## ઉપમિતિ ભવપ્રપંચા કથાના કર્ત્તા શ્રી સિદ્ધર્ષિનો સમયકાળ અને ચરિત્ર.

જર્મનીના પ્રોફેસર ડૉક્ટર હરમન જેકોબીએ ઉપમિતિ ભવપ્રપંચા કથા[1] ગ્રંથ કલકત્તાની રોયલ એશીઆટીક સોસાઇટી તરફથી પ્રસિદ્ધ કર્યો છે. તે ગ્રંથની શરૂઆતમાં આપેલી ઇંગ્રેજી પ્રસ્તાવનામાં તે ગ્રંથના કર્ત્તા શ્રી સિદ્ધર્ષિ તથા શ્રી હરિભદ્રસૂરિના સમયકાળનો નિર્ણય તથા સિદ્ધર્ષિનું ચરિત્ર તે વિદ્વાન પંડિતે આપ્યું છે. તેનો અનુવાદ ઇંગ્રેજી નહીં જાણનાર જૈન મુનિરાજો તથા શ્રાવક ભાઇઓને ઉપયોગી જાણી આ નીચે આપીએ છીએઃ—

સિદ્ધર્ષિના જીવનચરિત્રનું જ્ઞાન એક સરખા ભરોસાદાર નહીં એવા બે સાધનોથી આપણને મળે છે. એક તો તેમના પોતાના ગ્રંથો–તેમાં પણ મુખ્યત્વે કરીને ઉપમિતિ ભવપ્રપંચા કથા—ઉપરથી અને બીજું પ્રભાવક ચરિત્રમાં આપેલી દંતકથા ઉપરથી. સિદ્ધર્ષિએ જે પોતાની હકીકત આપી છે તે ફક્ત જૈન ગ્રંથકારો ગ્રંથને અંતે પ્રશસ્તિમાં સાધારણ રીતે જે હકીકત પોતાને માટે આપે છે તે મુજબ પોતાની, પોતાના ગુરૂની તથા પોતાના ગ્રંથોની હકીકત આપી છે, એટલુંજ નહીં પણ તે પોતાની આંતરિક જીંદગીની તથા પોતામાં થયેલી ઉત્તરોત્તર ધર્મવૃદ્ધિની હકીકત પણ આપે છે. કારણકે પ્રથમ પ્રસ્તાવની પીઠીકામાં જે વાર્તા છે તેમાં એક ભીખારીના ચરિત્રના રૂપકના રૂપમાં સિદ્ધર્ષિ સંસારી જીવને સત્ય ધર્મ પ્રાપ્ત થયાના વખતથી સંપૂર્ણ સંસાર ત્યાગ કરતાં કેવું ધીમે ધીમે ઉંચે ચઢવું પડે છે તેનું વર્ણન આપે છે. આ રૂપકનો અર્થ કરતાં કવિતામાં (પાનું ૪૪) તથા લંબાણ ગદ્ય લખાણમાં (પાને ૪૬ થી ૧૪૬) સિદ્ધર્ષિ સ્પષ્ટ રીતે કહે છે કે નિષ્પુણ્યક ભિક્ષુક તે બીજો કોઈ નહીં પણ ભગવત્ ધર્મ પ્રાપ્ત થતાં પહેલાનો ( **भगवद्धर्मप्राप्तेः प्राक्** ) મારો પોતાનો જીવ છે. ( **मदीयो जीवः ।** શ્લોક ૪૬૨; પાનું ૪૫–લીંટી ૧૬; પાનું ૫૩–લીંટી ૧૨ ). વળી તે પોતાના જાત અનુભવની વાત કહે છે ( **स्वसंवेदनसिद्धं** પાનું ૫૩–લીંટી ૧૭; પાનુ ૮૦

[1] આ ગ્રંથના નામનું ખરૂ રૂપ શું છે તે શક ભરેલું છે. સમાસનો પહેલો ભાગ ઉપમિતિ આપે છે; પણ આ ગ્રંથની પ્રશસ્તિમાં, બીજા અને ત્રીજા પ્રસ્તાવને છેડે તથા પ્રભાવક ચરિત્રમાં ઉપમિત લખેલું છે તેથી હું ઉપમિતિને બદલે ઉપમિત પસંદ કરત, પણ ડાક્ટર પીટરસને પસંદ કરેલું ઉપમિતિ નામ તદ્દન ખોટું નથી અને તેથી મેં તે કાયમ રાખ્યું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લીંટી ૧૦) એમ લખે છે. વળી તેઓ કહે છે કે રૂપકમાં જે ધર્મબોધકર લખ્યા છે તે મને ધર્મ પ્રાપ્ત કરાવનાર સૂરિ છે ( **सूरिर्यो मत्प्रबोधकः ।** શ્લોક ૪૭૪), એટલે શ્રી હરિભદ્રસૂરિ છે ( **आचार्य हरिभद्रो धर्म बोधकरो गुरुः । प्रस्तावे भावतो हन्त स एवाद्ये निवेदितः ॥** પ્રશસ્તિ પાનું ૧૨૪૦). છેવટે ઉપમિતિ ભવપ્રપંચા કથા બનાવવામાં અને પ્રસિદ્ધ કરવામાં પોતાની જાતનીજ અને પોતાનાજ અનુભવની વાત કહે છે, એ રૂપક ઉપરથીજ જણાય છે, કારણકે જ્યારે ધર્મ પામેલો ભિક્ષુક પોતાનો અદ્ભુત આહાર લેવાને બીજા કોઇને લલચાવી શકતો નથી, ત્યારે તે આહાર કાષ્ઠના એક પાત્રમાં તે ભિક્ષુક મૂકે છે અને તે પાત્ર ચોકમાં જે કોઇની મરજી હોય તેને ગ્રહણ કરવા માટે રાખે છે. આ ઉપરથી ગ્રંથકર્તા જીવને ઉંચે ચઢવાનો રસ્તો બતાવવામાં અમુક રસ્તે ગયે સારૂં થશે એવું પોતે કલ્પનાથી માને છે તેથી તે રસ્તો બતાવે છે એમ નથી; પણ પોતાના જાત અનુભવથી અમુક રસ્તે ગયાથી ફાયદો થવાનોજ એવી સંપૂર્ણ ખાતરી પોતાને જાતે થયાને લીધેજ તે રસ્તો બતાવે છે. ગ્રંથકર્તાએ પોતાના વર્ણનો સર્વ સાધારણ લાગુ પાડી શકાય તેમ કરવાની અને પોતાની જાતને બને તેટલી દૂર રાખવાની સંભાળ લીધી છે; પણ તે ઉપરથી સાંસારિક સંબંધ અને વૃત્તિઓ દૂર કરવાના બતાવેલા એક પછી એક પ્રયત્નો તરફ આપણો આનંદ તથા ભક્તિભાવ ઓછા થતા નથી. બીજા સંસ્કૃત ગ્રંથકર્તાઓના કરતાં સિદ્ધર્ષિની આંતરિક વૃત્તિઓનો ઇતિહાસ આપણને ઘણો મળે છે એ કહેવું સશાહગત ભરેલું નથી. આ ઉપરથી આપણને સિદ્ધર્ષિના સંપૂર્ણ નીખાલસપણા તથા તીવ્ર મનોભાવનાની ખાતરી થાય છે અને વાંચક જેમ જેમ આ પુસ્તક વાંચતો જશે તેમ તેમ તે બાબતની તેને વિશેષ ખાતરી થતી જશે. તેથી હિંદુસ્તાનના ધર્મ અને નીતિના લખનાર ગ્રંથકારોમાં સિદ્ધર્ષિ પ્રથમ દરજ્જાના ધર્મ તથા નીતિના ગ્રંથકર્તા છે એમ આપણે ખુશીથી કબૂલ કરીએ છીએ.

હવે સિદ્ધર્ષિના જીવનચરિત્રની બીજી હકીકતો તપાસીએ. આ હકીકત ઉપમિતિ ભવપ્રપંચા કથાની છેડે આપેલી પ્રશસ્તિમાંથી મુખ્યત્વે કરીને આપણને મળે છે. સિદ્ધર્ષિની ગુરૂ પરંપરા નીચે મુજબ હતી.

(૧) [1]સૂર્યાચાર્ય, જેઓ નિર્વૃત્તિ કુળના હતા અને લાટદેશ ( એટલે ગુજરાત ) માં થઈ ગયા.

(૨) દેલ્લમહત્તર, જેઓ જ્યોતિષ અને મંત્ર શાસ્ત્રમાં પ્રવિણ હતા.

૧ પ્રભાવક ચરિત્રના ૧૪મા શૃંગના ૮૫મા શ્લોકમાં **સૂર્યાચાર્યને** **સુરાચાર્ય** કહેલા છે અને તેઓ **ગર્ગર્ષિના** ગુરૂ હતા એમ લખ્યું છે અને **દેલ્લમહત્તર** વિષે કાંઇ લખ્યું નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૩) દુર્ગસ્વામિન્, જેઓ ધનવાન્ બ્રાહ્મણ હતા અને જૈન સાધુની જેઓએ દીક્ષા લીધી હતી તથા જેઓએ ભિલ્લમાળ (દક્ષિણ મારવાડમાં આવેલા હાલના ભિન્નમાળ) માં કાળ કર્યો હતો.

દુર્ગસ્વામિ સિદ્ધર્ષિના ગુરૂ હતા અને મુખ્યત્વે કરીને તેમની અનુકરણીય ધર્મવૃત્તિ માટે સિદ્ધર્ષિ તેમની સ્તુતિ કરે છે. ગુરૂ અને શિષ્ય બંનેને ગર્ગસ્વામીએ દિક્ષા આપી હતી. ગર્ગસ્વામી સંબંધી કંઇ હકીકત સિદ્ધર્ષિએ આપી નથી. પણ સિદ્ધર્ષિએ પૂજ્યભાવરૂપ ઘણી સ્તુતિ આચાર્ય હરિભદ્રની કરી છે. પ્રશસ્તિમાં હરિભદ્રસૂરિની સ્તુતિના શ્લોકનું ભાષાંતર નીચે મુજબ છે.

"જે હરિભદ્ર ધર્મગ્રંથો રચવામાં આનંદ માને છે તથા સત્ વાતને ટેકો આપવાથી પોતાના મનમાં ખુશી થાય છે તથા જે પોતાના અપ્રતિમ ગુણોથી પોતે ગણધર હોય તેવો ભાસ આપે છે.

"જેમના મનના જુદા જુદા ભાવ છતાં ચંદ્ર તથા શ્વેત કમળના જેવી શુદ્ધ ચળકતી નિર્મળતા દેખાડે છે તેવા શાન્ત હરિભદ્રસૂરિના મન ઉપર વિચાર કરતાં હાલના જમાનાના મનુષ્યો સંત પુરૂષોના ગુણોના વર્ણનની સત્યતા કબૂલ કરે છે.

"આવા હરિભદ્રસૂરિના ચરણની રજ તુલ્ય હું સિદ્ધર્ષિએ સરસ્વતીની બનાવેલી આ ઉપમિતિ ભવપ્રપંચા કથા કહી છે." અથવા

"ધર્મમાં મને પ્રવેશ કરાવનાર આચાર્ય હરિભદ્ર છે. આ ગ્રંથના પહેલા પ્રસ્તાવમાં ધર્મબોધકરનું વર્ણન છે તે ધર્મબોધકર સત્ય રીતે આચાર્ય હરિભદ્ર પોતેજ છે.

"જે હરિભદ્રે પોતાની અગાધ શક્તિથી મારામાંથી દુઃવિચારોરૂપ ઝેરને દૂર કર્યું છે અને દયા લાવી સુવિચારોરૂપ અમૃત મારા ફાયદા માટે શોધી કાઢ્યું છે તે હરિભદ્રને મારા નમસ્કાર છે.

"જે હરિભદ્રે શું બનવાનું છે તેની અગમચેતી કરી મારા માટે ચૈત્યવંદન ઉપર લલિત વિસ્તરા નામની ટીકા બનાવી છે તે હરિભદ્રને મારા નમસ્કાર છે."

મારી ખાતરી છે કે હરિભદ્રસૂરિ અને સિદ્ધર્ષિના સંબંધ વિષેના ઉપરના શ્લોકો વાંચતાં દરેક નિષ્પક્ષપાત વાંચકને ખાતરી થશે કે આમાં શિષ્યે પોતાના ખાસ ગુરૂનું વર્ણન કર્યું છે, પણ પરંપરા ગુરૂનું વર્ણન કર્યું નથી. અને જે પહેલાં યુરોપીયન વિદ્વાન પ્રોફેસર [1]લૉમને આ શ્લોકોનો અર્થ કર્યો છે તેમનું પણ આ પ્રમાણેજ સમજવું હતું. અને આ આમારા અનુમાનને ઉપમિતિ ભવ-

૧ જુઓ, જરમન ઓરીઅન્ટલ સોસાઇટીનું માસિક વોલ્યુમ ૪૩ પાનું ૩૪૮.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રપંચા કથાના પહેલા પ્રસ્તાવમાં સિદ્ધર્ષિ જે હકીકત કહે છે તેથી ટેકો મળે છે. તે પ્રસ્તાવનામાં ભિક્ષુક નિષ્પુણ્યકને સ્વસુધારણાના આખા વખતથી તે છેવટે તે પોતાનો ખોટો ખોરાક ત્યજી દે છે અને પાત્ર ધોઇ નાંખે છે એટલે અલંકાર વિનાની ભાષામાં બોલતા તે ભિક્ષુક દીક્ષિત થાય છે ત્યાંસુધી ધર્મબોધકરને તે ભિક્ષુકને ઉપદેશ આપતા તથા રસ્તો બતાવતા વર્ણવવામાં આવ્યા છે. સિદ્ધાર્ષિ પોતેજ કહે છે કે આ રૂપકથામાં ધર્મબોધકર તે હરિભદ્રસૂરિ છે અને ભિક્ષુક નિષ્પુણ્યક તે પોતે સિદ્ધાર્ષિજ છે તો કંઇ પણ શક વિના જણાય છે કે સિદ્ધર્ષિને દિક્ષા લેતા સુધી શિક્ષણ આપનાર તથા ધર્મપંથે ચઢાવનાર હરિભદ્ર પોતેજ હતા.

જોકે સિદ્ધર્ષિના પોતાના કહેવા મુજબ સિદ્ધર્ષિ હરિભદ્રસૂરિના સમકાલિન હતા છતાં જૈનોમાં ચાલતી દંતકથા આ બંને પ્રખ્યાત ગ્રંથકર્તાઓ વચ્ચે આશરે ૪ સૈકાનો અંતર દેખાડે છે. આ પરંપરા પ્રમાણે હરિભદ્રસૂરિનો કાળ સંવત ૫૮૫માં થયો અને ઉપમિતિ ભવપ્રપંચા કથા રચ્યાનો સંવત ગ્રંથમાં ગ્રંથકર્તાના કહેવા મુજબ ૯૬૨ છે. હરિભદ્ર અને સિદ્ધર્ષિના સમયકાળની ઉપર લખેલી દંતકથા ૧૩મા સૈકામાં પણ પ્રચલિત હતી એમ જણાય છે. કારણકે પ્રભાવક ચરિત્રના કર્તા જોકે હરિભદ્ર અને સિદ્ધર્ષિના સમયના વર્ષ લખતા નથી પણ તે બંને સમકાલિન હતા એમ માનતા હોય એમ જણાતું નથી; કારણકે હરિભદ્રના કે સિદ્ધર્ષિના ચરિત્રોમાં તેઓ આ વાત લખતા નથી. વળી જો આ બંનેને જો તેઓ સમકાલિન માનતા હોત તો હરિભદ્રનું ચરિત્ર ૯મા શૃંગમાં અને સિદ્ધર્ષિનું ચરિત્ર ૧૪મા શૃંગમાં આપત નહીં પણ જો તેઓ આ બન્નેને ગુરૂ શિષ્ય તરીકે માનતા હોય તો તેમના ચરિત્રો જોડાજોડ આપત. આ દંતકથાની પ્રસ્તુત વિષયના સંબંધમાં ખરી કીંમતનો નિર્ણય કરવા માટે હરિભદ્ર અને સિદ્ધર્ષિના સમયકાળના વખતનો અને તેના સંબંધ ધરાવનાર બીજા વિષયોની પરિચોલના કરવાની આપણી ફરજ છે.

ગ્રંથની પ્રશસ્તિના છેડે સિદ્ધર્ષિ કહે છે કે જ્યારે ચંદ્ર પુનર્વસુ નક્ષત્રમાં હતો ત્યારે ગુરૂવારે ૯૬૨ના જેઠ શુદ ૫ના રોજ આ ગ્રંથ પૂરો થયો. આમાં ૯૬૨નું વર્ષ વીર, વીક્રમ, ગુપ્ત, શક કે કયા સંવતનું છે તે લખ્યું નથી. જો ૯૬૨ની સાલ વિક્રમ સંવતની છે એમ લઇએ તો વિક્રમ સંવત ૯૬૨ના વર્ષની તમામ હકીકત ખરી પડે છે. વિક્રમ સંવત ૯૬૨ના જેઠ સુદ ૫ ના રોજ ઇસ્વીસન ૯૦૬ના મે માસની ૧લી તારીખ આવે છે. તે દિવસે ચંદ્રમા પુનર્વસુ નક્ષત્રમાં સૂર્યોદયથી મધ્યાન્હ પછી સુધી હતો. વાર પણ તે દિવસે ગુરૂ હતો. પણ જો તે તારીખ વીર સંવત પ્રમાણે ગણીએ તો તા. ૭મી મે ઇસ્વીસન ૪૩૬ આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાર ગુરૂ આવે છે પણ સૂર્યોદય વખતે ચંદ્ર તે દિવસે પુષ્ય નક્ષત્રમાં હતો અને બે કલાક પછી અશ્લેષા નક્ષત્રમાં જાય છે. એટલે નક્ષત્ર ખરૂં આવતું નથી; તેથી ૯૬૨ એ વીર સંવતનું વર્ષ હોવું ન જોઇએ. વળી વીર સંવત લઇએ તો વિક્રમ સંવત ૪૯૨[1] આવે. એટલે સિદ્ધર્ષિ પોતાના ગુરૂ હરિભદ્ર જેઓ દંતકથાની પરંપરા પ્રમાણે વિક્રમ સંવત ૫૮૫ માં કાળધર્મ પામ્યા તેમનાથી પહેલાં થઇ ગયેલા થાય તેથી સિદ્ધર્ષિનો સંવત કંઇ પણ શક વિના વિક્રમ સંવત ૯૬૨ એટલે ઇસ્વી સન ૯૦૬ છે.

જૈનોમાં ચાલતી દંતકથા[2] પ્રમાણે હરિભદ્ર કાળધર્મ પામ્યાનું વર્ષ વિક્રમ સંવત ૫૮૫ ( =ઈસ્વી સને ૫૨૯ ) એટલે વીર સંવત ૧૦૫૫ છે. આ સાલ હરિભદ્રસૂરિના ગ્રંથોમાં આપેલી કેટલીક હકીકતો સાથે બંધબેસ્તી આવતી નથી. ષટ્દર્શન સમુચ્ચય ગ્રંથમાં હરિભદ્ર દિગ્નાગ શાખાના બૌધન્યાયનો સંક્ષિપ્ત સાર આપે છે તેમાં પ્રત્યક્ષની વ્યાખ્યા **प्रत्यक्षं कल्पनापोढमभ्रान्तं** એવી આપે છે જે વ્યાખ્યા ન્યાયબિંદુના પહેલા પરિચ્છેદમાં ધર્મકીર્તિએ આપેલી વ્યાખ્યા સાથે શબ્દશઃ મળતી છે. દિગ્નાગની વ્યાખ્યામાં **अभ्रान्तं** શબ્દ આવતો નથી. દિગ્નાગની વ્યાખ્યા આ પ્રમાણે છેઃ **प्रत्यक्षं कल्पनापोढं नामजात्याद्यसंयुतं** ( જુઓ ન્યાયવાર્તિક પાનું ૪૪; તાત્પર્ય ટીકા પાનું ૧૦૨ અને સતીશચંદ્ર વિદ્યાભૂષણની હિંદુસ્તાનના ન્યાયનો મધ્ય કાળનો ઈતિહાસ પાનું ૮૫ નોટ ૨ ) હરિભદ્રસૂરિએ આપેલી વ્યાખ્યામાં અગત્યનો **अभ्रान्तं** શબ્દ વધ્યો છે, તે ઉપરથી જણાય છે કે તેમણે ધર્મકીર્તિનું અનુકરણ કરેલું છે અને ધર્મકીર્તિ દંતકથાવાળી હરિભદ્રસૂરિના કાળધર્મની તારીખ પછી ૧૦૦ વર્ષે થયેલા હોવાથી દંતકથાવાળી

---

૧ પ્રોફેસર પીટરસને પોતાના ચોથા રીપોર્ટના પાને ૫ મે સિદ્ધર્ષિએ ઉપમિતિમાં આપેલી તિથિ એ વીર સંવતની તિથિ છે એમ માનવાનું લખ્યું છે અને તે તિથિએ વિક્રમ સંવત ૪૯૨ ને બદલે ૫૯૨ આવે એમ માની લીધું છે. આ પ્રમાણે દેખીતી ૧૦૦ વરસની ભૂલ હોવાથી તેમની કલ્પનાઓ નકામી થાય છે.

૨ જુઓ પીટર્સનનો ત્રીજો રીપોર્ટ. પરિશિષ્ટ પાનું ૨૮૪, સમયસુંદરસૂરિની ઇસ્વી સને ૧૬૩૦માં રચેલી ગાથાસહસ્ત્રીની ૧૦૦ મી ગાથા. **पणतीए** નો ખોટો પાઠ વગેરે અત્યાર આગમયનો સુધરેલો છે તે પાઠ **पणसीए** જોઇએ ( જુઓ વેબર વરઝીચનીસ ડર સંસ્કૃત એન્ડ પ્રાકૃત હન્ડશ્રીફ્ટન II પાનું ૯૨૩, બરલીન ૧૮૯૨ ). વિચારામૃતસંગ્રહમાં હરિભદ્રનો કાળ સમય વીર ૧૦૫૫ ને બદલે ૧૦૫૦ આપ્યો છે ( જુઓ વેબર, ઉપરના પાને) આ જગાએ પણ પાઠ **पंचाशता** છે તે **पंचपंचाशता** ને બદલે ભૂલ હોય. ઉપરના ગ્રંથના આધારે હરિભદ્રસૂરિએ પંચવસ્તુકવૃત્તિમાં લખ્યું છે કે વીરનિર્વાણ પછી ૧૦૦૦ વર્ષ પછી પૂર્વો નાશ પામ્યા એ વાત અહીંયાં આપવા જેવી છે.

For Private And Personal Use Only

હરિભદ્રસૂરિનાં કાળધર્મની ૫૮૫ ની સાલ ખોટી હોવી જોઈએ. વિશેષ હરિભદ્ર સુરિ લિંગના ત્રણ રૂપ બુદ્ધ ન્યાય પ્રમાણે ૧૧ મા શ્લોકમાં આ પ્રમાણે આપે છે.

**रूपाणि पक्षधर्मत्वं सपक्षे विद्यमानता ।**
**विपक्षे नास्तिता हेतोरेवं त्रीणि विभाव्यताम् ॥**

આ બૌધન્યાયનો[1] જાણીતો સિદ્ધાંત છે પણ હરિભદ્રે વાપરેલો **पक्षधर्मत्वं** શબ્દ ધ્યાન આપવા જેવો છે, કારણ કે ન્યાય ઉપરના જુના ગ્રંથોમાં આ શબ્દ આવતો નથી. પણ તેજ વિચાર જુના ન્યાયના ગ્રંથોમાં જુદા શબ્દોથી દર્શાવેલો છે અને **पक्षधर्मत्व** શબ્દ ન્યાયશાસ્ત્રમાં તે પછીના વખતમાં વપરાવા માંડેલો છે. તે ઉપરથી જણાય છે કે હરિભદ્રસૂરિ કહેવામાં આવે છે તે પછીના સમયમાં થયેલા હોવા જોઈએ. અષ્ટકજીના ૪ થા અષ્ટકના બીજા શ્લોકમાં હરિભદ્ર શીવધર્મોત્તરની શાખ આપે છે તે ઉપરથી પણ એમજ સમજાય છે; કારણ કે સાલ વિનાનો તે ગ્રંથ બહુ જુનો હોય એમ લાગતું નથી. કારણ કે [2]શંકરની શ્વેતાશ્વતર ઉપનિષદ્‌ની ટીકામાં તે ગ્રંથનું નામ આવે છે. જો હરિભદ્રસૂરિના ગ્રંથોનો બરાબર અભ્યાસ કરવામાં આવે અને તે ગ્રંથોની બરોબર શોધ થાય તો તે ગ્રંથોના કર્તા[3]નો સમય દંતકથામાં કહેલા વખત કરતાં મોડો હતો એમ ઘણું કરીને જણાઇ આવે.

હરિભદ્રસૂરિના કાળ થયાની સાલ (દંતકથા પ્રમાણે ૫૮૫ એટલે વીર સંવત ૧૦૫૫) ૧૬ મા સૈકા કરતાં જુના નહીં એવા ગ્રંથોમાંથીજ મળી આવે છે. પછીના ઇતિહાસકારોએ આ સાલ ખોટી ઉભી કરી એમ મારૂં ધારવું નથી પણ ખરી હકીકતનો ખોટો અર્થ કરવાથી આ ભુલ થઇ છે. નીચે આપેલી ૩જી નોટમાં મેં દોરેલું અનુમાન કબૂલ કરીને પ્રોફેસર લોમન કહે છે[4] કે બીજી તારીખોની[5] પેઠે હરિભદ્રના કાળ સમયની સાલમાં સંવત લખવામાં ગ્રંથકારોની ભૂલ થઇ છે. જે ૫૮૫ ની સાલ છે તે વીર- કે વીક્રમ સંવતની નથી પણ ગુપ્ત

---

૧ જુઓ, સતીશચંદ્ર વિદ્યાભૂષણ, પીટરસન ૩ જો રીપોર્ટ પાનું ૮૫, ન્યાયબિંદુ ૨ જો પરિચ્છેદ.

૨ જુઓ, ઑફ્રેટ કેટેલોગસ કેટેલોગોરમમાં શીવધર્મોત્તર.

૩ જરમન ઓરીએન્ટલ સોસાઇટીના પત્રના ૪૦ માં વોલ્યુમના પાને ૯૪ માં મેં લખ્યું છે કે બન્નેના ગુરૂ જિનભદ્ર અથવા જિનભટ હોવાથી શીલાંક અને હરિભદ્ર સમકાલિન હતા તથા ગુરૂભાઈ હતા. શીલાંકે આચારાંગ સૂત્ર ઉપરની ટીકા શક ૭૯૮ એટલે ઇસ્વીસન ૮૭૬ માં લખી છે.

૪ જુઓ, જર્મન ઓરીએન્ટલ સોસાઇટીનું પત્ર, પુસ્તક ૪૩, પાનું ૩૪૮.

[illegible]

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંવતની છે અને ગુપ્ત સંવત ઇસ્વી સને ૩૧૯માં શરૂ થયો. આ ગણતરી લેતાં હરિભદ્રના કાળ સમયની સાલ ઇસ્વી સને ૯૦૪ થાય એટલે ઉપમિતિ ભવપ્રપંચા કથા રચાયા પછી બે વર્ષ આવે. આ ખરૂં હોય; પણ દંતકથામાં ચાલતી વીર સંવત ૧૦૫૫ ની સાલ લઇએ અને ભૂલ તેમાંથી થઇ છે એમ ધારીએ તો દંતકથામાં ચાલતી સાલમાં થયેલી ભૂલનો ખુલાસો બીજી રીતે થઈ શકે છે. આ કલ્પના કરવાનું મારૂં કારણ નીચે મુજબ છે. પઉમ ચરિયને છેડે વિમલસૂરિ કહે છે કે તે ગ્રંથ તેમણે વીર નિર્વાણ પછી ૫૩૦ (બીજી પ્રત મુજબ ૫૨૦) વર્ષે રચ્યો. ગ્રંથકર્તાની આ હકીકત નહીં માનવાનું કાંઇ કારણ નથી; પણ તે ગ્રંથ ઇસ્વી સને ૪ માં લખાયો એ વાત માનવી મુશ્કેલ લાગે છે. મારા અભિપ્રાય મુજબ પઉમચરિય ઇસ્વી સન ત્રીજા કે ચોથા સૈકામાં રચાયેલું હોવું જોઇએ. ગમે તેમ હો પણ મહાવીર સ્વામિના નિર્વાણ કાળની ગણતરી અત્યારની માફક એકજ રીતે થતી નહીં હોય એમ શક લાવવાના કારણો છે અને જો તેમ ન હોય તો પ્રથમના વખતમાં નિર્વાણ કાળ ગણવામાં ભૂલ ચાલતી હતી અને તે ભૂલ પાછળથી સુધારવામાં આવેલી હોવી જોઇએ.

પણ આપણા ગ્રંથકાર તરફ નજર કરતાં પ્રશસ્તિ ઉપરથી આપણને માલુમ પડે છે કે ઉપમિતિ ભવપ્રપંચા કથા ગ્રંથ તેમણે ભીલ્લમાલ નગરમાં આવેલા મુખ્ય જૈન દેરાસરમાં પ્રસિદ્ધ કર્યો હતો, અને દુર્ગસ્વામીની ગણા નામની શિષ્યાએ તે ગ્રંથની પ્રથમ પ્રત લખી હતી. મેં જે ઉપર "પ્રસિદ્ધ કર્યો" લખ્યું છે તે "ગદિતા" શબ્દને બદલે લખ્યું છે. એટલે ગ્રંથકાર તે ગ્રંથ બોલી ગયા અથવા કહી ગયા એટલે જૈન મંદિરમાં એકઠા થયેલા સંઘ રૂબરૂ તે ગ્રંથ તેઓ મોટેથી વાંચી ગયા. અને તેથી ગ્રંથની પ્રસ્તાવનામાં તેઓ શ્રોતાઓને આશ્રીને બોલે છે અને શ્રોતાઓને ધ્યાનપૂર્વક ગ્રંથ સાંભળવા કહે છે. તે વખતમાં ગ્રંથકારોની એવી રીત હતી કે કોઇ નવું પુસ્તક પ્રસિદ્ધ કર્યા પહેલાં ખાસ મેળાવડા સમક્ષ તે પુસ્તક વાંચવામાં આવતું. આ પ્રમાણે કર્યાની હકીકત ક્લાટવહો અને શ્રીકંઠ ચરિત્રમાં તે ગ્રંથોના કર્તાઓએ ખુલ્લી રીતે લખેલી છે. ધાર્મિક વ્યાખ્યાન તરીકે આ ગ્રંથ વાંચવાનો વિચાર સિદ્ધર્ષિનો હશે એ વાત સંભવિત છે, પણ શ્રાવકોનું સંસ્કૃત જ્ઞાન ઓછું થવાને લીધે અને સંસ્કૃત ભાષા સમજનાર ઓછા થતા જવાથી આ રિવાજ બંધ પડેલો હોવો જોઇએ. સાધ્વી ગણાએ આ ગ્રંથ પ્રસિદ્ધ કરવામાં એ ભાગ બજાવેલો હોવો જોઈએ કે ગ્રંથ કર્તાએ વખતો વખત ઉપમિતિ ભવ પ્રપંચા કથા ગ્રંથને કટકે કટકે છુટા છુટા

૧ આ ગ્રંથની મારી તરફથી તૈયાર થયેલી પ્રત છપાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાગળો ઉપર લખી પૂર્ણ કરેલો તે છુટા છુટા ભાગને એકઠા કરી આખા ગ્રંથની ચોખ્ખી આખી પ્રત તૈયાર કરેલી. એમ પણ સંભવિત છે કે ગ્રંથકર્તા બોલતા ગયા તેમ સાધ્વી ગણા તે લખતા ગયા અને સાધ્વીજી ગણાએ તે મુજબ આખો ગ્રંથ લખ્યો.

આ ઉપમિતિ ગ્રંથ ઉપરાંત સિદ્ધર્ષિએ ધર્મદાસ ગણિકૃત ઉપદેશમાળા ઉપર વિવરણ લખ્યું છે. આ ગ્રંથ બે જાતનો છે. એક ઘણી કથાઓવાળો મોટો (જુઓ પીટર્સનનો ૩ જો રીપોર્ટ, પાનુ ૧૭૨), અને બીજો લઘુવૃત્તિ નામનો નાનો ગ્રંથ (જુઓ પીટર્સનનો ૩ જો રીપોર્ટ, પાનુ ૧૩૦). હું આશા રાખું છું કે કોઈ વિદ્વાન્ કથાઓ સાથે તે વિવરણ પ્રસિદ્ધ કરવા પ્રયત્ન કરશે. ગ્રંથ કર્તાની કીર્ત્તિ અને ગ્રંથનો સમય જોતાં તે વિવરણનો ગ્રંથ અંધારામાંથી બહાર લાવવા માટેના ખાસ કારણો છે. સિદ્ધર્ષિકૃત ગણવામાં આવતો બીજો ગ્રંથ ન્યાયાવતાર ગ્રંથ ઉપર સિદ્ધ વ્યાખ્યાનિક કૃતવૃત્તિ છે; કારણ કે સિદ્ધર્ષિને **व्याख्यातृ**[1]નું બિરૂદ હતું અને પોતાના બનાવેલા બે ગ્રંથના છેડે તેઓ **तत्साधुभिः कृतकृपैर्मयि शोधनीयं** એ શબ્દો લખે છે અને તેવું જ વાકય ( **तत्साधवः कृतकृपा मयि शोधयन्तु** ) ન્યાયાવતાર ગ્રંથની વૃત્તિના અંતે ડોકટર ક્વેટના પાને ૬૫ મે નોટ ૨ જી માં લખ્યા પ્રમાણે માલમ પડે છે. પણ તત્ત્વાર્થાધિગમ સૂત્ર ઉપર વૃત્તિના બનાવનાર સિદ્ધર્ષિ તે આપણા સિદ્ધર્ષિથી[2] જુદા છે, અને તેજ મુજબ સિદ્ધયોગમાળા અને નયચક્ર ઉપરના વૃત્તિકારો પણ આપણા સિદ્ધર્ષિથી ઘણું કરીને જુદા છે. છેવટમાં ધ્યાન ખેંચીએ છીએ કે પ્રભાવકચરિત્ર શૃંગ ૧૪ શ્લોક ૮૯ માં સિદ્ધર્ષિએ કુવલયમાળા કથા નામનો ગ્રંથ લખ્યો છે એમ લખેલું છે. આ નામના ઘણા ગ્રંથો જુદા જુદા કર્તાના બનાવેલાની પ્રતો મોજુદ છે. પણ તેમાં એકે આપણા સિદ્ધર્ષિનો બનાવેલો નથી.

સિદ્ધર્ષિના ગ્રંથો ઉપરથી ઉપર કહેલી હકીકતો આપણને મળી શકે છે. હવે તેમના સંબંધીની હકીકત તેમના પછીના બીજા ગ્રંથો ઉપરથી તપાસીએ. ઉપર કહ્યા મુજબ તેમના સંબંધીની જુની દંતકથા પ્રભાચંદ્રાચાર્યના બનાવેલા પ્રભાવક ચરિત્ર[3]ના ૧૪ મા શૃંગમાં લખેલી છે. ઉપર ( જુઓ પાનું ૩ જું નોટ

૧ જુઓ, પ્રભાવક ચરિત્ર, શૃંગ ૧૪, શ્લોક ૯૭; પીટર્સનનો ત્રીજો રીપોર્ટ પાનું ૧૬૮; જૈન ગ્રંથાવળી પાનું ૭૫, નોટ ડી.

૨ જુઓ, જૈન ગ્રંથાવળી, પાનું ૭૨, નોટ ડી.

૩ નિર્ણયસાગર પ્રેસમાં સને ૧૯૦૯માં હીરાનંદ. મ. શર્માએ પ્રસિદ્ધ કરેલું. આ ગ્રંથ સંવત ૧૩૩૪ના ચૈત્ર શુદી ૭, વાર શુક્રે, પુનર્વસુ દિને એટલે ૧લી અપ્રેલ સને ૧૨૭૮ના રોજ પૂર્ણ થયો હતો.

For Private And Personal Use Only

૧ ) બતાવવામાં આવ્યું છે કે સિદ્ધર્ષિની ગુરૂ પરંપરાની તથા હરિભદ્રસૂરિ સાથેના તેમના સંબંધની હકીકત પ્રભાચંદ્રે પ્રભાવક ચરિત્રમાં ખોટી આપી છે, અને નીચેની હકીકતથી આપણને જણાશે કે તેઓએ સિદ્ધર્ષિ સંબંધી લખેલી બીજી હકીકતો પણ વિશ્વાસને પાત્ર નથી.

પ્રભાવક ચરિત્ર મુજબ સિદ્ધર્ષિ ગુજરાતમાં આવેલા શ્રીમાલ ( ભીન્નમાલ )ના રહીશ હતા. તેમનું પેઢીનામું નીચે મુજબ તે ગ્રંથમાં આપવામાં આવેલું છેઃ—

સુપ્રભદેવ ( વર્મલાટ રાજાના મંત્રિ )
- દત્ત
  - માઘ
- શુભંકર
  - સિદ્ધ

હવે શીશુપાલવધ ગ્રંથના છેલ્લા શ્લોકો ઉપરથી આપણે જાણીએ છીએ કે માઘ વર્મલાટ રાજાના મંત્રિ સુપ્રભદેવનો પૌત્ર અને દત્તકનો પુત્ર હતો. વસંતગઢના લેખ[1] ઉપરથી માલમ પડે છે કે વર્મલાટ રાજા વિક્રમસંવત ૬૮૨ એટલે ઈસ્વી સને ૬૨૫ માં રાજ્ય કરતા હતા. તેથી માઘ કવિ સિદ્ધર્ષિના કાકાનો દીકરો હોય એ વાત તદન અસંભવિત છે; કારણ કે માઘકવિ સાતમા સૈકાના મધ્યમાં થઇ ગયા અને સિદ્ધર્ષિ દશમા સૈકાની શરૂઆતમાં થયા. માઘ પણ સિદ્ધર્ષિની પેઠે શ્રીમાલના રહીશ હતા. તે સિવાય પ્રભાવકચરિત્રમાં લખેલી ખોટી હકીકત શા કારણથી ઉદ્‌ભવી હશે તે કલ્પવું મુશ્કેલ છે. માઘકવિ જુવાનીમાં ભોજરાજાના મિત્ર હતા એવી હકીકત ૧૫ મા શ્લોકમાં લખી છે તે એક બીજી ભૂલ છે. પણ અગીઆરમા સૈકાના પેહેલા અર્ધભાગમાં રાજ્ય કરી ગયેલા ધારાનગરીના ભોજ રાજાની સભામાં કાળીદાસ, માઘ, ભવભૂતિ અને બીજા નામાંકિત કવિઓ હતા એવી ભૂલ ભરેલી માન્યતા હિંદુસ્તાનના ઘણા ગ્રંથકારોની[2] છે.

પ્રભાવક ચરિત્રના ૧૪ મા શૃંગના ૨૨ અને તે પછીના શ્લોકોમાં સિદ્ધર્ષિએ જૈન ધર્મ અંગીકાર કર્યાની અદ્‌ભુત વાત લખી છે. આ વાત વીર સંવત ૬૦૯માં દીગંબર આમ્નાયના બોટીકગણના સ્થાપક [3]શિવમૂતિના ધર્મપાલટનની

૧ જુઓ, નચ્રીચ્ટન ૧૨ ડે. ગેસિલસ્ચેફ્ટ ડર વીસેન્સ ચેફ્ટન ઝુ ગોટીનગન, ૧૯૦૬ માંની ડૉક્ટર કીલહોર્ને લખેલી મુદ્રાલેખ સંબંધીની નોટ.

૨ જુઓ, ભોજપ્રબંધ.

૩ જુઓ, જર્મન ઓરીઅન્ટલ સોસાઇટીનું પત્ર, પુસ્તક ૩૩ પાનું ૨. આ વાત હરિભદ્રસૂરિ રચિત આવશ્યક ટીકામાં પણ મળી આવે છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાત સાથે મુખ્ય[1] બાબતોમાં મળતી આવે છે. પ્રભાવક ચરિત્રમાં સિદ્ધર્ષિ સંબંધીની આ વાત તદ્દન બીન ઐતિહાસિક છે એમાં કાંઇ શક નથી; અને ઉપમિતિના પહેલા પ્રસ્તાવમાં સિદ્ધર્ષિએ પોતા સંબંધી જે ધર્મશ્રદ્ધા પ્રકટ કરી છે તેમાં આ બાબત બીલકુલ ઇસારો કર્યો નથી, તેથી આ વાતને જે પુરૂષોના સંબંધમાં અમુક વાતો બની હોય તે પુરૂષો કરતાં વધારે પ્રખ્યાત પુરૂષોના સંબંધમાં તે જુની વાતો જોડી દેવાની વળણુના દૃષ્ટાંત તરીકે આપણે ગણવી જોઇએ.

સિદ્ધર્ષિએ ઉપમિતિ રચ્યું એ હકીકત આવે છે ત્યાં સુધીનો પ્રભાવકચરિત્રમાંના વર્ણનનો ભાગ મુકી દઇએ. સિદ્ધર્ષિએ રચેલી ઉપદેશમાળા ઉપરની વૃત્તિ તથા કુવલયમાળા કથા ગ્રંથોની ગર્ગર્ષિના ગુરૂભાઇ દાક્ષિણ્યચંદ્રે મશ્કરી તરીકે ઉપેક્ષા કરી, તેથી તેના જવાબ તરીકે સિદ્ધર્ષિએ ઉપમિતિ ગ્રંથ રચ્યો એમ તેમાં કહ્યું છે. ( જુઓ પ્રભાવક ચરિત્ર, શૃંગ ૧૪ શ્લોક ૯૦ થી ૯૬ ) બીજા કોઇ સાધનોથી દાક્ષિણ્યચંદ્રસૂરિ કોણ હતા તે જણાયું નથી અને સિદ્ધર્ષિ વિરચિત કુવલયમાળા કથાની પ્રત કોઇ ઠેકાણે છે નહીં તેમ તે ગ્રંથની શાખ બીજા કોઇ ગ્રંથકારે મારા જાણવા પ્રમાણે આપેલી નથી.

પ્રભાવક ચરિત્ર મુજબ ઉપમિતિ રચ્યા પછી સિદ્ધર્ષિએ પોતાના ગુરૂનો ત્યાગ કર્યો હતો અને બૌદ્ધ સિદ્ધાંત શીખવાને માટે વેષબદલો કરીને બૌદ્ધો પાસે તેઓ ગયા હતા અને છેવટે તેઓએ બૌદ્ધ ધર્મ અંગીકાર કર્યો હતો. પછી જ્યારે વચન આપ્યા પ્રમાણે તેઓ પોતાના પ્રથમના જૈન ગુરૂને મળવા ગયા ત્યાં તે ગુરૂએ હરિભદ્રસૂરિ વિરચિત લલિતવિસ્તરા ગ્રંથ તેઓના હાથમાં આપ્યો અને તે ગ્રંથ વાંચવાથી શ્રી સિદ્ધર્ષિ પાછા જૈન ધર્મમાં આવ્યા. આ હકીકત ઐતિહાસિક તરીકે માની શકાય તેવી નથી. કારણકે સિદ્ધર્ષિનું ધર્મપાલટન પ્રભાવક ચરિત્રના કહેવા પ્રમાણે ઉપમિતિ રચાયા પછીનું હોઇ શકે નહીં કેમકે ઉપમિતિની પ્રશસ્તિમાંજ હરિભદ્રનું પુસ્તક લલિતવિસ્તરાની અસરથી સિદ્ધર્ષિનું જૈન ધર્મમાં પલટનપણું થયું હતું એમ લખેલું છે. (જુઓ ઉપર પાને ૩–૪, શ્લોકોનું ભાષાંતર) સિદ્ધર્ષિને જૈનદીક્ષા ગ્રહણ કરાવવામાં હરિભદ્રે જે ભાગ લીધેલો તેને પહેલા પ્રસ્તાવની ભૂમિરૂપ કથામાં "**भावत:**" અર્થાત્ "ભાવથી" શબ્દથી વર્ણવ્યો છે અને હરિભદ્ર અને સિદ્ધર્ષિના સમયકાળનો નિર્ણય કરવામાં મેં તેનો ઉપર ઉપયોગ કર્યો છે. રૂપકથાના ધર્મબોધકર એટલે સિદ્ધર્ષિ સંબંધમાં હરિભદ્રસૂરિને જે જાતના કુવિકલ્પો[2] દૂર કરવાના હતા ( જુઓ ગ્રંથનું પાનું ૧૦૮ ) એક આભિસંસ્કા-

૧ અને ડોકટર ક્લેટના પાને ૬૪ મે નોટ ૧માં કહેવા મુજબ આ વાત થોડી તો શબ્દેશબ્દ મળતી આવે છે.

૨ આ કુવિકલ્પો અનાદિ કુવાસનાઓથી થાય છે. જુઓ આ ગ્રંથનું પાનું ૮૩, લીટી ૨૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રિક એટલે અન્ય દર્શનના સિદ્ધાંતોરૂપી કુવિકલ્પ અને બીજી જાતના કુવિકલ્પ તે સહજ એટલે આંતરિક સંસારના વિચારો અને સંસારી વસ્તુઓ ઉપરનો રાગ પહેલી જાતના કુવિકલ્પ સત્ ગુરૂની સાથે પ્રથમનાજ મેળાપથી કુવિકલ્પ કરનાર જીવ ઉપર જે અસર થાય છે તે અસરથી તરતજ દૂર થઇ જાય છે. प्रथम सुगुरुसंपर्कप्रभावादेव कदाचिन्निवर्तेरन् (જુઓ ગ્રંથનું પાનું ૧૦૮ લીટી ૧૧ મી). અને આ કથન મુજબ ઉપમિતિના પહેલા પ્રસ્તાવમાં સિદ્ધર્ષિના અન્યમતિ સિદ્ધાંતોનો ત્યાગ કરી નવા જૈનમતાવલંબી થવાની હકીકત ટૂંકામાં પતાવી દીધી છે. જ્યારે પોતાના નવા શિષ્યની સંસારી વાસનાઓ મુક્ત કરાવવામાં ઘણી મેહેનને ધર્મબોધકર કેવી રીતે ફતેહ પામે છે, તેનું વર્ણન પહેલા પ્રસ્તાવના બાકીના આખા ભાગમાં આપ્યું છે. જો સિદ્ધર્ષિના સંબંધમાં આવો જગપ્રસિદ્ધ ધર્મભ્રંશ થયો હોય તો તે વાત તેઓ ગ્રંથના આ ભાગમાં લખ્યા વિના રહે નહીં અને પરમતના સિદ્ધાંતોનો ભય સુગુરૂના પ્રથમ દર્શનેજ દૂર થઈ જાય એવું તેઓ માનતજ નહીં. તેથી પ્રભાવક ચરિત્રમાં સિદ્ધર્ષિ બોધ થઇ ગયાની અને પછી હરિભદ્રસૂરિએ પાછાં તેઓને જૈન કર્યાની હકીકત લખી છે તે પાયા વિનાની લાગે છે. તે ગ્રંથમાં સિદ્ધર્ષિ સંબંધી જે હકીકત લખી છે તે દંતકથા જેવી ગણવી જોઇએ અને સંત પુરૂષો સંબંધી જે અદ્ભુત કાલ્પનિક વાતો પુરાણોમાં લખેલી છે તેનાં કરતાં વિશેષ ભરોસો રાખવા લાયક નથી.

સેન્ટપીટર્સબર્ગની સાયન્સની ઇમ્પીરીઅલ એકેડેમીના સને ૧૯૧૧ની સાલના હેવાલમાં ડોક્ટર મીરોનો સિદ્ધર્ષિના સંબંધમાં એક લેખ લખતાં શ્રી ચંદ્રકેવળી ચરિત્રમાંથી નીચેના બે શ્લોકો ટાંકે છે.

"૫૯૮ના વર્ષમાં શ્રી સિદ્ધર્ષિએ પૂર્વાચાર્યે રચેલા પ્રાકૃત ચરિત્ર ઉપરથી આ મોટું સંસ્કૃત ચરિત્ર રચ્યું છે."

"તે સંસ્કૃત ચરિત્રમાંથી વિવિધ અર્થના સંદોહ કરી તેનો ઉદ્ધાર કરી આ કથા કરી છે, તેથી તેમાં ઓછું અધિકું અથવા ભૂલ ભરેલું લખાયું હોય તે મિથ્યા દુષ્કૃત થાઓ."

ડોક્ટર મીરોનો પોતાના લેખમાં આગળ ચાલતાં બતાવે છે કે આમાં આપેલો ૫૯૮નો સંવત તે ગુપ્ત સંવત ગણવો જોઇએ. આ ગણત્રી મુજબ તેમાં ૩૧૯ વર્ષ ઉમેરતાં ઇસ્વીસન ૯૧૭ એટલે વિક્રમ સંવત ૯૭૪ આવે છે અને તે સાલ સિદ્ધર્ષિએ ઉપમિતિ કથા રચ્યાનો ૯૬૨નો સંવત (આ સંવત વિક્રમ સંવત ગણીએ તો) આપ્યો છે તે સાથે સારી રીતે બંધબેસતો આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# पापस्थानक सोलमुं (परपरिवाद).

## ( પરનિંદા. )

( સાહેબ બાહુ જિનેશ્વર વીનવું—એ દેશી. )

સુંદર પાપસ્થાનક તજો સોળમું, પરનિંદા અસરાળ હો;
સુંદર નિંદક જે મુખરી[1] હોવે, તે ચોથો ચંડાળ હો. સુંદર પા૦ ૧.
સુંદર જેહને નિંદાનો ઢાળ છે, તપ કિરિયા તસ ફોક હો;
સુંદર દેવ કિલ્વિષ તે ઉપજે, એ ફળ રોકારોક[2] હો. સુંદર પા૦ ૨.
સુંદર ક્રોધ અજીરણ તપતણું, જ્ઞાનતણું અહંકાર હો;
સુંદર પરનિંદા કિરિયાતણું, વમન અજીર્ણ આહાર હો. સુંદર પા૦ ૩.
સુંદર નિંદાનો જેહ સ્વભાવ છે, તાસ કથન નવિ નંદ હો;
સુંદર નામ ધરી જે નિંદા કરે, તેહ મહા મતિમંદ હો. સુંદર પા૦ ૪.
સુંદર રૂપ ન કોઈનું ધારીએ, દાખીએ નિજ નિજ રંગ હો;
સુંદર તેહમાં કાંઈ નિંદા નહીં, બોલે બીજું અંગ[3] હો. સુંદર પા૦ ૫.
સુંદર એહ કુશીળણી ઇમ કહે, કોપ હુએ જેહ ભાખ હો;
સુંદર તેહ વચન છે નિંદાતણું, દશવૈકાળિક શાખ હો. સુંદર પા૦ ૬.
સુંદર દોષ નજરથી નિંદા હુવે, ગુણ નજરે હુવે રાગ હો;
સુંદર જગ સવિ ચાલે માદળ મઢ્યો, સર્વ ગુણી વીતરાગ હો. સુંદર પા૦ ૭.
સુંદર નિજ મુખ કનક કચોળડે, નિંદક પરમળ લેય હો;
સુંદર જેહ ઘણા પરગુણ ગ્રહે, સંત તે વિરલા કોય હો. સુંદર પા૦ ૮.
સુંદર પરપરિવાદ વ્યસન તજો, મ કરો નિજ ઉત્કર્ષ હો;
સુંદર પાપકર્મ ઇમ સવિ ટળે, પામે શુભ જશ હર્ષ હો. સુંદર પા૦ ૯.

**ભાવાર્થ**—હે ભવ્ય જનો! પરનિંદા કરવારૂપ મહા મોટું પાપસ્થાનક તમે તજો! જે જનો, મોહ અને અજ્ઞાનવશ પરનિંદા કરવામાંજ કાયમ પોતાની જીભનો ઉપયોગ કરે છે, તેમાંજ જેમને લહેજત પડે છે તે પરનિંદા કરવામાં રસિક લોકોને જ્ઞાની પુરૂષો ચોથા-ચંડાળ લેખે છે. ૧

જેમને પરનિંદા કરવાનો ઢાળ પડ્યો છે તેમની તપ-વિગેરે કરણી સર્વ ફોગટ જાય છે, ગમે તેટલી કઠણ કરણી કરતાં છતાં પરનિંદાની બૂરી ટેવથી જીવ મોક્ષનો અધિકારી થતો નથી. તે કિલ્બિષિઓ દેવ થાય છે કે જ્યાં અન્ય દેવકૃત અપમાનાદિકથી તેને ભારે દુઃખ થાય છે. ઘણે ભાગે તો નિંદક જનો મરીને નરકાદિક નીચ ગતિમાં જ જઇને ઉપજે છે. અને ત્યાં અનેકશઃ જન્મ મરણાદિકના અનંતા દુઃખોને પરાધીનપણે સહન કરે છે, એ પરનિંદા કરવાનું

૧ વાચાળ—બહુબોલો. ૨ રોકડું. ૩ સુયગડાંગ સૂત્ર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રોકડું-પ્રત્યક્ષ ફળ છે એમ સમજી શાણા જનોએ એથી અળગા રહેવું. ૨.

જેમ ક્રોધ કરવો એ તપનું અજીર્ણ-તપને નહિ જીરવી શકવાનું ફળ-છે, અહંકાર કરવો એ જ્ઞાનનું અજીર્ણ છે, વમન-વિશુચિકા થવી એ અન્નાદિક આહારનું અજીર્ણ છે, તેમ પરનિંદા કરવી એ ક્રિયાનું અજીર્ણ છે. તેથી કરેલી ધર્મક્રિયા નિષ્ફળ થાય છે. ૩.

નિંદાપાત્ર વસ્તુનો જે સ્વભાવ હોય તે મધ્યસ્થપણે જણાવવો તે કંઇ નિંદા કહેવાય નહિ. પણ અમુક વ્યક્તિ-સ્ત્રી પુરૂષાદિકનું નામ લઇને જે નિંદા કરવામાં આવે તે મહા મંદમતિપણાનું કામ સમજવું. મતલબ કે અમુક આવો અને અમુક આવો ( હલકો-નાદાન ) એમ કહેનાર પોતે વિચારશીલ-વિવેકી નહિ પણ મંદ મતિવાળો સમજવો. ૪.

રાગ-દ્વેષ રહિત મધ્યસ્થપણે વસ્તુને વસ્તુ ગતે કહેવી, તેમાં કાંઇ પણ મીઠું મરચું ભેળવવું નહિ, સરલપણે કોઇપણ વ્યક્તિ તરફ કટાક્ષ કર્યા વગર હિતબુદ્ધિથી સત્ય વાત કહેવી તેમાં નિંદા-દોષ લાગતો નથી એમ '**સુયગડાંગસૂત્ર**' માં કહેલું છે. ૫.

પરંતુ ક્રોધાદિક કષાયને વશ થઈ કોઇ સ્ત્રી-પુરૂષને ઉદ્દેશી 'આ કુશીલ-કુલટા, લંપટ-લબાડ' છે એમ કહેવું એ પ્રગટ નિંદા વચન જાણવું. દશવૈકાલિક સૂત્રમાં એમ સ્પષ્ટ રીતે ભાખેલું છે અને એવી અસભ્ય-અહિતકારી વચન વર્જીને સભ્ય અને હિત વચન જ વદવા ખાસ ભલામણ કરેલી છે. ૬.

જ્યારે કોઈ વસ્તુ ઉપર દોષ-દૃષ્ટિથી જોવામાં આવે ત્યારે તેની નિંદા કરવાનો પ્રસંગ આવે છે અને ગુણ-દૃષ્ટિથી જો તેજ વસ્તુને નિહાળવામાં આવે તો તેની ઉપર રાગ જાગે છે. બાકી છદ્મસ્થ જીવોમાં કંઇ ને કંઇ અવગુણ તો હોય જ છે. **સર્વગુણી તો વીતરાગજ છે.** એમ સમદૃષ્ટિથી વિચારી દોષ-દૃષ્ટિ તજીને ગુણ-દૃષ્ટિ ધારણ કરી પ્રાપ્ત સંયોગમાંથી કંઈ ને કંઇ ગુણ-ગ્રહણ કરવો ૭

નિંદક લોકો પોતાના મુખરૂપી સુવર્ણ-કચોળામાં પારકી નિંદા રૂપી મળ-વિષ્ટા ભરે છે, તેથી ચાલતી કહેવત મુજબ 'તેમનું જ મોં ગંધાય છે.' પરંતુ સજ્જન પુરૂષો તો નજીવી વસ્તુમાંથી પણ ગુણ-ગ્રહણ કરી લે છે-થોડામાંથી પણ ઘણો ગુણ ગ્રહે છે. અલબત આવા સતપુરૂષો જગતમાં વિરલા હોય છે. ૮

આ પાપસ્થાનક આશ્રી કરેલો ઉલ્લેખ વાંચી-સાંભળીને હે ભવ્યજનો ! તમે પરનિંદા કરવાનું ભૂંડું વ્યસન જલદી તજી દ્યો, એથી તમને કશો શુભ લાભ સંપજે તેમ નથી અને નુકશાન તો પારાવાર થાય તેમ છે એમ સમજી ચતુર થઇને ચેતો ! વળી તમે જે કંઇ શુભ-સુકૃત કરો તેનો પણ કદાપિ ગર્વ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ન કરો. કેમકે ગર્વ કરવાથી તે નિષ્ફળ થશે અને નમ્રતા ધારવાથી અધિક ફાયદો થશે. એમ વિવેકથી વિચારી સન્માર્ગગામી થશો તો તમારાં અશુભ કર્મ દૂર જશે, તમને પગલે પગલે આનંદ ઉપજશે અને જગતમાં તમારો ઉત્તમ યશ પ્રસરશે. ૯. મુ. ક. વિ.

**વિવેચન**—આ પાપસ્થાનક દરેક મનુષ્યની જીભ્હાની સાથે સતત્ ચોંટેલું હોય એવું જણાય છે. પારકી નિંદા–પોતાને અપ્રીતિવાળા મનુષ્યાદિકની અપકીર્તિ ન બોલે તેવા મનુષ્યો આ જગતમાં બહુજ વીરલા હજારો કે લાખોમાં એકાદ કવચિતજ મળી શકે છે. આખા દિવસની પોતાની પ્રવૃત્તિ અને આખા દિવસમાં પોતે જેટલું બોલેલ હોય તે–તેના ઉપર વિચક્ષણતાથી દૃષ્ટિ કરી જતાં જણાશે કે તેમાં મોટો ભાગ પરનિંદાનો હોય છે. આ પાપસ્થાનકનું સ્વરૂપ પ્રગટ કરતાં **શ્રીમદ્યશોવિજયજી** મહારાજા તેને **અસરાળની** ઉપમા આપેછે. આ પાપસ્થાનક તેવુંજ દુર્ઘટ છે. બહુ સાવચેતી રાખીને બોલનાર પણ ઘણી વાર પરનિંદાના વચનો બોલી જાય છે, કારણ કે અનાદિ કાળથી આ પ્રાણીને આત્મપ્રશંસા ને પરનિંદા કરવાની ટેવ પડેલી છે. તેનું નિવારણ કરવું–તે ટેવને રોકવી એ ઘણું મુશ્કેલ કાર્ય છે. જે બહુ બોલો માણસ હોય છે તે નિંદા બહુજ કરે છે, કારણ કે ઘણું બોલવામાં મોટો ભાગ પરનિંદાવડેજ પૂરી શકાય છે. તેવા નિંદકને શાસ્ત્રકાર ચોથો ચંડાળ કહે છે. પ્રથમ **જાતિ ચંડાળ** કે જે ચંડાળની જાતિમાં જન્મેલો હોય, બીજો **કર્મ ચંડાળ** કે જે ચંડાળની જેવા મહા ક્રુર કર્મ કરતો હોય, ત્રીજો **ક્રોધી ચંડાળ** કે જે ક્રોધના આવેશમાં ન કરવાના કાર્ય કરી નાખે છે અને ચોથો **નિંદક ચંડાળ** કે જે પારકા અવર્ણવાદ બોલી પોતાના આત્માને તે તે પાપોથી ભરપુર કરે છે. ૧.

જે માણસને નિંદા કરવાની ટેવ પડી જાય છે તે પછી વારંવાર ધર્મી અથવા અધર્મી નીતિવાન્ કે અનીતિવાન્ દરેકની સાચી કે ખોટી નિંદા કરવા મંડી પડે છે. તેથી કર્ત્તા કહે છે કે તે કદિ તપ કરતો હોય કે અન્ય ધર્મક્રિયા કરતો હોય તો તે સર્વે તેની નિષ્ફળ છે. અહીં **નિષ્ફળ** શબ્દ તદન ફળ ન મળે તેવા અર્થમાં નથી પણ અલ્પ ફળ મળવાના અથવા કુત્સિત–નિંદિત ફળ મળવાના અર્થમાં છે; એટલે આ ગાથાના ઉત્તરાર્ધમાં કહે છે કે–તે તપ ક્રિયાના બળથી કદિ દેવ ગતિમાં ઉત્પન્ન થાય તોપણ તે કિલ્બિષ જાતિના દેવમાં ઉત્પન્ન થાય છે કે જે દેવો દેવ જાતિમાં અસ્પર્શ્ય ગણવામાં આવે છે. અને અહીં ઢેઢ, ભંગી કે ચાંડાળનું જેમ અપમાન કરવામાં આવે છે તેમ તેનું દેવસમુહમાં અપમાન થાય છે. કર્ત્તા કહે છે કે–હે ભવ્ય પ્રાણીઓ ! આ તમારી નિંદાનું રોકડે રોકડું ફળ છે. ૨.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નહીં પચેલો આહાર જેમ વમન વિગેરે દ્વારા જેવો ને તેવો નીકળી જાય છે, શરીરમાં કિંચિત્ પણ પુષ્ટિના હેતુભૂત થતો નથી; તેમ ક્રોધીનો તપ, અહંકારીનું જ્ઞાન અને પરનિંદા કરનારની ક્રિયા નિષ્ફળ જાય છે. પ્રાયે જ્ઞાનશૂન્ય માત્ર ક્રિયાના કરનારા અન્ય ક્રિયા નહીં કરનારા વિગેરેની નિંદા વિશેષે કરે છે. પરંતુ તેથી તેની ક્રિયા અજીર્ણ ભાવને પામે છે. અન્ન પાચન થઇને જેમ શક્તિ આપે છે, ધાતુરૂપ થાય છે, તેમ શુભ ક્રિયા પણ જો પરનિંદા રહિત હોય તો અવશ્ય આત્મિક ગુણની પુષ્ટિ કરનાર થાય છે; પણ પરનિંદા સંયુક્ત કરવામાં આવતી હોય તો તે તથાપ્રકારનું ફળ આપતી નથી. તેથી તેને અજીર્ણ અન્નની ઉપમા આપી છે. ૩.

નિંદાનો જે સ્વભાવ છે તેજ સારો નથી–પ્રશંસનીય કે અંગીકરણીય નથી. તોપણ કદિ સામાન્ય રીતે જે વસ્તુ નિંદિત હોય તેની અથવા જે દુર્ગુણ નિંદિત હોય તેની નિંદા કરવામાં આવે તો તે બહુ વાંધા ભરેલું નથી. પણ જે નામ લઈને કોઈની નિંદા કરે અને કહે કે અમુક માણસ કે અમુક સ્ત્રી આવાં છે તો તે મહા મૂર્ખ છે એમ સમજવું. એટલા માટે કહે છે કે–એવી કોઈ વસ્તુની કે દુર્ગુણની નિંદા કરતાં કોઇનું રૂપ પોતાના મનમાં ધારણ કરીને નિંદા કરવી નહીં. પોત પોતાના જુદા જુદા રંગ કર્માનુસાર થાય છે તેનું વર્ણન કરવું, પોતાનીજ તેવા દુર્ગુણાદિકને અંગે નિંદા કરવી તો તે નિંદા નથી અર્થાત્ તેનો આ પાપસ્થાનકમાં સમાસ નથી. આ પ્રમાણે બીજું સૂત્રકૃતાંગ નામનું અંગ કહે છે; પરંતુ જે કોઇ અન્ય સ્ત્રી કે પુરૂષને ઉદ્દેશીને તેનું નામ લઇને જે ભાષા બોલવાથી કે જે વચન કહેવાથી અન્યને ક્રોધ ઉત્પન્ન થાય તેવું બોલે તો તે વચન નિંદાનું છે અને તેથી ઉપર કહી ગયા પ્રમાણે હાનિ થાય છે. એમ શ્રી દશવૈકાળિક સૂત્રમાં કહેલું છે, માટે તેવી રીતે વચનોનો પ્રહાર કરવો નહીં. ૪–૫–૬. આ ત્રણે ગાથાનો અર્થ પરસ્પર સંબંધવાળો છે.

આ જગતમાં નિંદા ને પ્રશંસા ઘણે ભાગે રાગ કે દ્વેષને લઇને થયેલી દોષદૃષ્ટિ કે ગુણદૃષ્ટિથીજ થાય છે; કાંઇ બરાબર ખાત્રીપૂર્વક કોઇ માણસના ગુણ કે દોષ જોવાથી નિંદા કે પ્રશંસા થતી નથી. ઘણા મનુષ્યો તો માત્ર કોઇની સાથે અભાવ થયો–અપ્રીતિ થઇ–અણબનાવ થયો કે તેની નિંદા કરવા મંડી જાય છે; તેના સદ્‌ગુણ પણ તેને દોષવાળા ભાસે છે. અને તે ગુણને પણ અન્ય રૂપમાં ઉતારે છે. દાન દેતો હોય તો અભિમાનથી આપતો માને છે, શીળ પાળતો હોય તો શરીરશક્તિહીન માને છે, તપ કરતો હોય તો કંજુસ માને છે, અને સારી ભાવના ભાવતો હોય તો તેને ઠગાઇ માને છે. આમ દરેક ગુણને તે દોષયુક્ત માની તે ગુણની પણ પ્રશંસા કરવાને બદલે નિંદા કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને જેની સાથે પ્રીતિ થાય છે, જેનાપર ભાવ આવે છે, જેની સાથે સંબંધ બંધાય છે તેનાપર ગુણદૃષ્ટિ થવાથી તેની દરેક બાબતની પ્રશંસા કરે છે. તે જો કદિ અભિમાનાદિકથીજ પૂર્વે બતાવેલી કરણી કરતો હોય તો પણ તે તેના ધ્યાનમાં ગુણ રૂપજ ભાસે છે. એટલે નિંદા કે પ્રશંસામાં આપણો મનોભાવજ કામ કરે છે; ગુણ કે દોષ કામ કરતા નથી. બાકી સત્ય રીતે તો આ જગતમાંનાં પ્રાયે સર્વ જીવો ઢોલ જેમ મઢેલો હોવાથી અવાજ સુંદર આપે છે પણ અંદરથી પોલો હોય છે તેવા હોય છે. કેટલાક મનુષ્યો બાહ્યક્રિયાઓ કરવાથી અંદર પોલાણ છતાં પણ પ્રશંસાપાત્ર થાય છે. અંદરનું કોઇ જોવા જતું નથી. પ્રાયે સર્વત્ર તેમજ બને છે, બાકી ખરેખરા સર્વગુણી કિંચિત્ પણ દોષ વિનાના તો એક વીતરાગ પરમાત્માજ છે. બીજામાં તો કાંઇ ને કાંઇ પણ દોષનો સદ્ભાવ હોયજ છે. માટે ઉત્તમ જીવે ગુણગ્રાહી થવું તે જરૂરનું છે; બાકી પોતે જેના ગુણાનુવાદ કરે છે તેનામાં અન્ય દોષાપત્તિ છેજ નહીં એમ માનવાનું નથી. ૭

જે પ્રાણી જાતિ સ્વભાવને લઇને પારકી નિંદાજ કરે છે તેને માટે કર્ત્તા અત્યંત કુત્સિત ઉપમા આપે છે કે—નિંદક પોતાના મુખરૂપ સુવર્ણના કચોળામાં પરનિંદા કરવા વડે પારકા મળ—મેલ અથવા વિષ્ટાને ગ્રહણ કરે છે; અર્થાત્ અન્ય મનુષ્યના શરીરને—તેના આત્માને પોતાની જીહ્વાવડે ચાટી ચાટીને—તેના અવગુણ બોલી બોલીને સાફ કરે છે. પારકી નિંદા કરનાર આવું દુગંચ્છનીય કાર્ય કરે છે. બાકી જે પારકા ગુણોનેજ ગ્રહણ કરે છે એવા સંત—સજ્જન—સત્પુરૂષ તો આ જગતમાં કોઇ વીરલા—અલ્પજ હોય છે. તેમના હૃદયમાં—મનમાં—અંતઃકરણમાં પારકા અવગુણ જેમ શ્રીપાળ મહારાજાને ધવળ શેઠના દુર્ગુણ આવ્યા નહીં એમ આવતા જ નથી. ધવળ શેઠે સમુદ્રમાં નાંખી દીધા, ડુંબપણાનું કલંક આપ્યું, છેવટ કટારી લઇને જાતે મારવા ગયો તો પણ શ્રીપાળ કુમારના હૃદયમાં તેનો દોષ વસ્યો જ નહીં. આવા સંત તો કોઇ વીરલા જ હોય છે. પરંતુ આ **વસુંધરા** એવા સજ્જનોવડેજ રત્નગર્ભા કહેવાય છે. ૮.

પ્રાંતે કર્ત્તા કહે છે કે—હે ભવ્ય પ્રાણીઓ ! તમે પરપરિવાદ એટલે પરનિંદા કરવાનું વ્યસન—કુટેવ તજી દ્યો અને તે સાથે પોતાનો ઉત્કર્ષ આત્મપ્રશંસા કરવાનું પણ તજી દ્યો. કેમકે જો તમને આત્મપ્રશંસા કરવાની ટેવ હશે તો તમારાથી પરનિંદા થઇ જ જશે. પોતાનો ઉત્કર્ષ બતાવવા જતાં બીજાનો અપકર્ષ થાય જ છે. માટે એકની સાથે બીજું પણ તજી દેજો. બીજું તજશો તોજ પહેલું તજાશે પરંતુ તેથી લાભ ઘણો થશે. એટલે તમારા સર્વ પાપકર્મ નાશ પામશે અને તમે આ જગતમાં આત્મપ્રશંસા કર્યા વિના ઉત્તમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યશકીર્ત્તિ પામશો અને સદા આનંદિત રહેશો. આ બે લાભ એવા શ્રેષ્ટ છે કે તેની પાસે પરનિંદા ને આત્મપ્રશંસાઓ બંને તદ્દન કુત્સિત—રત્ન પાસે પાષાણ તુલ્ય છે, સૂર્ય પાસે અંધકાર જેવા છે અને ગંગાજળ પાસે દુર્ગંધી ખાઇના પાણી જેવા છે. માટે બેને તજી બેને અંગીકાર કરો અર્થાત્ બે મેળવો. એજ તમારા પરમ કલ્યાણના હેતુ છે. ઇત્યલમ્. **તંત્રી.**

# ओसीया.

મારવાડ દેશમાં આવેલા **જોધપુર શહેરથી ઓસીયા** (૨૪) માઇલ દૂર છે. ત્યાં સુધી જવાની હાલમાં રેલવે થયેલી છે. તે ફાંટો જોધપુરથી ત્યાં સુધીનોજ છે. થર્ડ કલાસનું ભાડું માત્ર છ અના છે અને લગભગ બે કલાકનો વખત લાગે છે. આ ઓસીયા નગરી ઓસવાળોની જન્મભૂમિ છે. ત્યાં શ્રી મહાવીર સ્વામીનું અત્યંત સુંદર મંદિર છે. મૂર્ત્તિ ઘણી પ્રાચીન વેળુની બનાવેલી છે. તેના પર લેપ થયેલો છે અને હાલમાં તેને સુવર્ણવર્ણી બનાવવામાં આવી છે. આ સ્થળ ખાસ યાત્રા કરવા લાયક છે. દર્શન કરતાં બહુજ આનંદ ઉપજે તેમ છે. પોકરણ ફળોધીના રહેનારા શેઠ ફુલચંદજી ગુલેચ્છાએ ત્યાંનું કામ હાથમાં લઇને બહુજ સુધાર્યું છે. દેરાસરનો જીર્ણોદ્ધાર કર્યો છે. તેની જમણી બાજુ એક ધર્મશાળા છે કે જેમાં તે તીર્થનો વહીવટ કરનારૂં કારખાનું છે. ડાબી બાજુએ નવી ધર્મશાળા બાંધવા માંડી છે, તેનો કેટલોક ભાગ તૈયાર થઇ ગયો છે. બાકી કામ શરૂ છે. સ્ટેશનથી ગામ સુમારે એક માઇલ દૂર છે. ગામમાં જવા માટે ઉંટ વિગેરે વાહનો મળે છે.

હાલમાં છે તે દેરાસર કયારે થયું તે ચોકસ થઇ શકતું નથી પરંતુ તેની મરામત સંવત ૧૦૩૩ માં થઇ હતી એમ એક શિલાલેખ ઉપરથી નીકળે છે. ત્યાર પછી બશે વર્ષ સુધીની હકીકત બીજા શિલાલેખ ઉપરથી નીકળે છે, પરંતુ બહુ વર્ષોથી તે દેરાસર નિરૂપયોગી થઇ પડેલું ને મૂર્ત્તિ અપૂજ્ય રહેલી. ગર્ભગૃહની આડી ભીંત ચણી દીધેલી અને મંદિરમાં વૈષ્ણવ લોકો પોતાના જનાવરો બાંધતા હતા તેમજ ચારે બાજુ કચરો ભરેલો હતો. સંવત **૧૯૩૬** માં **મુનિરાજ શ્રી મોહનલાલજી** જોધપુર ચાતુર્માસ રહ્યા અને ત્યાં **મુનિ આલમચંદજીને** દીક્ષા આપી, તે પ્રસંગે આ તીર્થ સંબંધી પ્રસંગ નીકળતાં મહારાજશ્રીએ તેનો જીર્ણોદ્ધાર કરવા ઉપદેશ આપ્યો, તેની દૃઢ અસર થતાં **મુત્તાજી કુનણમલજી દીવાન સાહેબે** તે કામ ઉપાડી લીધું અને જીર્ણોદ્ધારનું કામ શરૂ કરાવ્યું. પછી તેમનો અભાવ થયા બાદ તે કામ **શેઠજી ફુલચંદજી ગુલેચ્છાને** સોંપાણું.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમણે પોતાના તન, મન, ધનનો તેમાં ભોગ આપ્યો છે. અખંડ દીવો તથા દરરોજ સ્નાત્ર તેમના તરફથી શરૂ છે. નવી ધર્મશાળાની જગ્યા રૂ. ૪૦૦) માં તેમણે ખરીદ કરી છે અને બીજી મદદ મેળવવામાં પણ સતત પ્રયત્ન કરે છે.

**મુનિરાજ શ્રી હંસવિજયજી**એ સંવત ૧૯૫૧ માં ફળોધીમાં ચોમાસું કર્યું હતું તે વખતે ત્યાં પધારી ફાગણ શુદિ ૩ જે ધ્વજા સંબંધી મહોચ્છવ કરી ધ્વજાદંડ ચડાવેલો, ત્યારથી દરવર્ષ ફાગણ શુદિ ૩ જે ધ્વજા ચડાવવામાં આવે છે. ને તે મહોચ્છવ નિમિત્તે મેળાના રૂપમાં પુષ્કળ યાત્રાળુઓ એકઠા થાય છે. શેઠ ફુલચંદજી તરફથી દર વર્ષ તે તારીખે સ્વામીવચ્છળ કરવામાં આવે છે.

દેરાસરના જીર્ણોદ્ધારના કામની સાથે તેની અંદર આરસનું તથા મીણા-કારી કામ એવું સુંદર બનાવ્યું છે કે જે જોતાં બહુજ રમણીક લાગે છે. દેરા-સરના આગળના ભાગમાં એક બહુ કારીગરીવાળું પથ્થરનું કમાન ને થાંભલા-વાળું તોરણ હતું તે તુટી પડવાથી હાલમાં નવી ગોઠવણ કરવામાં આવી છે. તોરણના ભાંગેલા વિભાગ રાખી મુકવામાં આવ્યા છે તે ખાસ જોવા લાયક છે.

અહીં **સચીયાજી દેવીનું** એક ઘણું મોટું મંદિર છે. તેની ફરતો ગઢ છે. તે દેવીનું નામ પ્રથમ ચામુંડા દેવી હતું. તેને પ્રતિબોધ પમાડીને સમકિતી કર્યા પછી તેનું નામ સચીયાજી પડ્યું છે. તે ઓસવાળોની કુળદેવી ગણાય છે. તેનું મંદિર બહુજ જીર્ણ થઈ ગયું છે. તેના જીર્ણોદ્ધારનું કામ ધીમું ધીમું ચાલે છે.

આ દેરાસરની અંદર એક મોટો શિલાલેખ છે. તેમાં એવી મતલબ છે કે–"શ્રી પાર્શ્વનાથજીના છઠ્ઠા પાટ ઉપર **શ્રી રત્નપ્રભસૂરિ** વીર નિર્વાણથી (૫૨) વર્ષે આચાર્ય પદધારી થયા. ત્યાર પછી ૧૮ વર્ષે ઓશીયા નગરે પ-ધાર્યા. તેમણે અશાડ શુદિ ૨ જે ચામુંડ દેવીને પ્રતિબોધ પમાડી સમકિતી કરી. તે દેવી વચને પળી તેથી સચીયાજીના નામથી પ્રસિદ્ધ થઇ. પછી સૂરિએ ૩૮૪૦૦ રજપુતોને પ્રતિબોધ દઇ જૈની કર્યા અને ઓસવંશની સ્થાપના કરી. તે વખતે ઓહડશેઠ મેશ્રી હતા તે જૈની ઓશવાળ થયા પછી તેમણે શ્રી મહાવીર સ્વા-મીનું મંદીર બંધાવ્યું. ને મૂર્ત્તિ વેળુની તે શેઠની ગાયના દુધ સાથે મેળવીને દેવીએ તૈયાર કરી આપી. તેની પ્રતિષ્ઠા શ્રી રત્નપ્રભસૂરિએ વીરનિર્વાણથી ૭૦ વર્ષે માગશર સુદિ ૫ ગુરૂવારે કરી. ત્યારબાદ ઉપકેશગચ્છમાં પાર્શ્વનાથજીથી ૧૪ મે પાટે **શ્રી કક્કસૂરિજી** થયા. તે વખતે કોઇએ મૂર્ખપણાથી મહાવીર સ્વામીની મૂર્ત્તિની આશાતના કરી હતી, તેની શાંતિને માટે કક્કસૂરિ ત્યાં પધાર્યા. તેમણે ઓસવંશમાં ૧૮ ગોત્ર સ્થાપન કર્યા. અને શાંતિ પૂજા કરીને વિઘ્ન દૂર કર્યું. આ સંબંધમાં વધારે હકીકત ઉપકેશ અથવા કવળાગચ્છના શ્રીપૂજ્યથી જાણી લેવી."

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ સિવાય બીજા પણ ત્રણ ચાર શિલા લેખો ત્યાં છે, તે ઉપરથી કેટલીક ઐતિહાસિક હકીકત મળી આવે તેમ છે.

આ તીર્થની યાત્રા સર્વે જૈન બંધુઓએ અવશ્ય કરવા લાયક છે. તેમાં પણ ઓસવાળ ભાઇઓએ તો જરૂર એકવાર જવા યોગ્ય છે. ત્યાંની ધર્મશાળા માટે સહાયની અપેક્ષા છે, તેથી તે તરફ ઉદાર જૈન બંધુઓએ હાથ લંબાવવાની જરૂર છે. દિન પર દિન યાત્રાળુઓ વિશેષ આવતા જાય છે. મૂર્તિ ખરેખરી પ્રાચીન અને દર્શનીય છે. આ હકીકત જાતે અનુભવ મેળવી દર્શન યાત્રાનો લાભ લઇને લખવામાં આવી છે.

# चंदराजाना रास उपरथी नीकळतो सार.

( અનુસંધાન પુ. ૨૯માના પૃષ્ટ ૩૩૯ થી. )

## પ્રકરણ ૧૪ મું.

મકરધ્વજ રાજાએ સ્થાપેલી દાનશાળામાં બેસીને પ્રેમલાલચ્છી અતિથિ અભ્યાગતોને તેની ઇચ્છા પ્રમાણે દાન આપતી હતી. કોઇને નિરાશ કરતી નહોતી કારણકે તે ખરેખરી દાતાર હતી. દાન આપ્યા પછી તે તેઓને પૂછતી હતી કે—" હે બંધુઓ ! તમે દેશવિદેશમાં ફરો છો તો પૂર્વ દિશામાં આભા નામે નગરી જોઇ છે ? ત્યાં ચંદ નામે રાજા ઇંદ્ર જેવો રૂપવંત છે તેને દીઠો છે ? " આવા પ્રશ્નના ઉત્તરમાં તેઓ કહેતા કે—" હે બહેન ! અમે એ બાજુ કોઈ વખત ગયાજ નથી. આભાનગરી અમે સાંભળી પણ નથી તો પછી ત્યાંના ચંદરાજાને તો કયાંથીજ જોયેલ હોય. " આવા ઉત્તરો સાંભળી પ્રેમલા નિરાશ થઇ જતી, ઉદાસીન બનતી. એકાંતમાં નેત્રમાંથી આંસુ સારતી; પરંતુ પોતાના પતિનો પત્તો મેળવવાનો બીજો કોઇ ઉપાય નહીં હોવાથી તે ધીરજ ધરીને બેસી રહેતી. પોતાનાં દુઃખની વાત વારંવાર કહીને કોઇને દુઃખી કરતી નહોતી.

અન્યદા વિમળાપુરીના ઉદ્યાનમાં કોઇ જંઘાચારણ મુનિ પધાર્યા—વનપાળકે રાજાને વધામણી આપી એટલે રાજા પોતાના પરિવાર સહિત પ્રેમલાને લઈને વંદન કરવા આવ્યા. નગરલોકો પણ આવ્યા. સૌ મુનિવંદન કરીને યથોચિત સ્થાને બેઠા, પછી મુનિમહારાજે દેશના આપી. તે સાંભળી ઘણા ભવ્ય જીવોએ પ્રતિબોધ પામી ગુરૂમહારાજ પાસે અનેક પ્રકારના વ્રત નિયમો લીધા. પ્રેમલા પણ શુદ્ધ સમકિતધારી શ્રાવિકા થઇ. ગુરૂ અન્યત્ર વિહાર કરી ગયા એટલે સૌ પોતપોતાને સ્થાનકે આવ્યું. પ્રેમલા ત્યારથી જિનવંદન પૂજનાદિ ધર્મકરણીમાં વિશેષે આસક્ત રહેવા લાગી અને નવકાર મહામંત્રનું ધ્યાન કરવા લાગી. એમ કેટલાક દિવસો વ્યતિક્રમ્યા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અન્યદા નવકાર મંત્રના પ્રભાવથી શાસન દેવતાએ આવીને પ્રેમલાલચ્છીને કહ્યું કે-'હે બહેન! તને તારો સ્વામી અવશ્ય મળશે, પણ તારા લગ્નદિવસથી બરાબર ૧૬ વર્ષ પૂરા થશે ત્યારે તેનો તારે મેળાપ થશે. માટે તું કાંઇ પણ ચિંતા ન કરીશ. અને પરમાત્માની ભક્તિ પૂર્ણ ભાવથી કર્યા કરજે." પ્રેમલાએ તે વાત સાંભળીને પોતાના માતાપિતાને લજ્જા છોડીને કહી સંભળાવી. તેઓ પણ કાંઇક નિશ્ચિંત થયા. પ્રેમલા નવકાર મંત્રનો પ્રગટ પ્રભાવ દેખી તેનાપર વધારે આસ્તાવાળી થઇ અને વિશેષે તેનો જાપ કરવા લાગી. જિનચૈત્યનો દર્શન પૂજનવડે ભક્તિ કરવા લાગી અને યથાશક્તિ પ્રત્યાખ્યાનાદિ કરવા લાગી.

એકદા એક યોગિની ફરતી ફરતી ત્યાં આવી ચડી. તેના હાથમાં સુંદર વીણા હતી અને તે મધુર સ્વરે સ્વર મેલાવીને ગાયન કરતી હતી. પ્રેમલાએ તેને પોતાની પાસે બોલાવીને પૂછયું કે 'તમે કયાંના રહેવાવાળા છો?' તેણે કહ્યું કે-" હું પૂર્વ દેશમાં રહું છું, પણ તમારે મારૂં સ્થાન પૂછવાની શી જરૂર પડી છે તે કહો?" આમ કહીને પાછી તે સુંદર વેશવાળી અને વૈરાગ્યમાં તલ્લીન થયેલી, કષાયલા વસ્ત્ર ધારણ કરનારી તેમજ બુદ્ધિશાળી યોગિની પોતાની વીણાવડે ચંદરાજાના ગુણગાન ગાવા લાગી. પોતાના પતિનું નામ સાંભળી પ્રેમલાએ તેને પૂછ્યું કે-" તમારા દેશમાં રાજા કોણ છે અને તમે આ ગુણગાન કોનું કરો છો?" યોગિની બોલી કે-" પૂર્વ દેશમાં ચંદ નામે રાજા રાજ્ય કરે છે, તે અત્યંત સુંદર રૂપવંત છે. શત્રુ તો તેને દેખીને કંપે છે. હું તેના યશનું ગાન કરૂં છું અને આજ પણ તેનુંજ ગાઉં છું. તે રાજા મને પ્રાણથી વિશેષ પ્યારા હતા. તેને તેની ઓરમાન માતાએ કોઇ કારણસર કુકડા બનાવી દીધા છે. તે જોઇ અત્યંત દિલગિર થઇને હું ત્યાંથી દેશાવરમાં નીકળી પડી છું. પરંતુ મેં કોઈ સ્થાનકે તેની જેવો ઉત્તમ પુરૂષ જોયો નથી. ચંદરાજાના વિયોગથી મારૂં હૃદય અત્યંત દુઃખી છે." આ પ્રમાણેની તેની વાતથી પોતાના પતિનો ખરેખરો પત્તો મળવાથી પ્રેમલા તેને પોતાના પિતા પાસે લઇ ગઇ. પ્રેમલાએ તેની પાસે બધી વાત કહેવરાવી. તે સાંભળી મકરધ્વજ રાજાએ કહ્યું કે-' હે પુત્રી! તું સાચી કરી છું. તારો પતિ કોઇ મોટો ભાગ્યવાન જણાય છે, પણ તે દૂર દેશનો રહેવાવાળો છે, તેથી તેનો યોગ મુશ્કેલીએ મળી શકે તેવો છે. તેથી તું મનમાં ધૈર્ય ધારણ કરજે અને ખેદ તજી દેજે." પ્રેમલાએ પિતાની આપેલી હિતશિક્ષા સ્વીકારી.

પછી પ્રેમલાએ યોગિનીનો સારી રીતે સત્કાર કર્યો. યોગિની રજા લઇને અન્યત્ર ચાલી ગઇ. પ્રેમલા પોતાના નિત્ય કર્મમાં પ્રવૃત્ત થઇ, ધર્મધ્યાન કરવા લાગી અને પરમાત્માના સ્મરણ સાથે પોતાના પતિને પણ સંભારતી સતી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દુઃખે દિવસો નિર્ગમન કરવા લાગી.

પ્રેમલાલચ્છીની આ સ્થિતિ વર્તે છે. હવે કુકડો થયા બાદ ચંદરાજાની સ્થિતિ શું વર્તે છે તે જાણવાની આવશ્યકતા છે. કારણ કે આપણે તો બંનેનો મેળાપ થયેલો જોવાને ઉત્સુક છીએ. પરંતુ તે વાતને હજુ ઘણું છેટું છે. બે દેશ પરસ્પરથી બહુ દૂર છે, એટલુંજ નહીં પણ હજુ તો કુકડાપણું દૂર થાય ત્યારે મેળાપ થઈ શકે તેમ છે, તે વાત પણ ઘણી છેટી છે. અહીંથી આપણું પ્રકરણ બદલાય છે તેથી આ નાના સરખા પ્રકરણમાં શું રહસ્ય રહેલું છે તે વિચારીએ ને પછી બીજા પ્રકરણમાં પ્રવેશ કરીએ. સારગ્રાહી મનુષ્યો તો નાની હકીકતમાંથી પણ ઘણો સાર ગ્રહણ કરી શકે છે. આપણે પણ તેની થોડીક વાનકીનું અહીં આસ્વાદન કરીએ.

## પ્રકરણ ૧૪ માનો સાર.

આ પ્રકરણના પ્રારંભમાં પ્રેમલાલચ્છી દાનશાળામાં દાન આપે છે અને કોઇને નિરાશ પાછી વાળતી નથી એમ કહેવામાં આવ્યું છે. તેમાં રહસ્ય એ રહેલ છે કે-જે દાતારના કુળમાં ઉત્પન્ન થયેલ હોય છે તે જ દાન આપી શકે છે. જેણે પોતાના પીયરના કુળમાં દાતાપણું જોયેલું હોતું નથી તે સ્ત્રી સાસરાના ધનાઢ્ય ગૃહમાં જઇને પણ દાન દઈ શકતી નથી. તેનામાં ઉદારતા આવતી નથી. ઉદારતા પણ જન્મથી સંસ્કાર પામેલી હોય છે તોજ તે ખરા રૂપમાં પ્રકાશી શકે છે, તે સિવાયની ઉદારતા કૃત્રિમ જેવી લાગે છે. ઉદારતા એ મનુષ્યનું ભૂષણ છે, તેમાં પણ યોગ્ય સમયની ઉદારતા ઘણીજ કિંમતી તેમજ અમૂલ્ય છે. જે માણસ ઉદાર નથી-કૃપણ છે તે આ સંસાર છોડી શકતો નથી. કેમકે તેનો દ્રવ્યાદિ ઉપરનો મોહ તેને તેમ કરતાં અટકાવે છે. કંજુસને આ નુકશાન જેવું તેવું નથી. કંજુસ માણસને દ્રવ્યાદિકની સાથે મડાગાંઠ પડી ગયેલી હોવાથી જો તે તેને છોડી શકે નહીં, બીજાને તેમાંથી અલ્પ પણ આપી શકે નહીં, તોપછી તે સર્વને એક સાથે છોડી દઇ તે ચારિત્ર કેમ લઇ શકે ? જો કે એકવાર-અંત કાળે તો તેને તેવા ઉદાર થવુંજ પડે છે, પરંતુ પોતાની હયાતીમાં તે ઉદારતાના અંશ પણ બહુ ઉપયોગી અને જરૂરના છે, તે તેનામાં હોતા નથી. તેથી જ્યારે તે ચારિત્ર લઇ શકતો નથી ત્યારે મોક્ષ તેને માટે હજુ ઘણું દૂર છે. આમાંથી તાત્પર્ય એ નીકળે છે કે મોક્ષ ઉદારને નજીક છે-કંજુસને માટે દૂર છે. કંજુસો ! આને માટે વિચાર કરી કોઈ સદ્ગુરૂને પૂછી ખુલાસો મેળવજો.

પ્રેમલા પરદેશી જનોને આભાનગરી સંબંધી પૃચ્છા કરતી હતી, પણ જેઓ તે રસ્તે ગયાજ ન હોય તેની વાત તેઓ કયાંથી કરી શકે ? મિથ્યા૦ દૃષ્ટિઓ મોક્ષનો સત્ય માર્ગ કયાંથી બતાવી શકે ? તે માર્ગ તો સર્વજ્ઞ જ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બતાવી શકે કે જેણે અહીં કેવળ જ્ઞાન મેળવીને તેની વાનકી ચાખી છે, લોકાલોકના પ્રકાશક થયા છે, અને જગતનું-સર્વ જીવોનું ત્રિકાળગત સ્વરૂપ જાણી લીધું છે. સત્ય મોક્ષમાર્ગ તેજ બતાવી શકે છે. તેમ અહીં આભાનગરીનું ખરૂં સ્વરૂપ બીજાઓ બતાવી ન શક્યા પણ ત્યાં રહેલી યોગિની બતાવી શકી. માટે સત્ય માર્ગથી અજ્ઞાત જનો પાસેથી સત્ય માર્ગ જાણવાની આશા રાખવી તે ફોગટ છે. જીવોનું સ્વરૂપ, તત્ત્વોનું સ્વરૂપ, કર્મોનું સ્વરૂપ, ષડ્ દ્રવ્યનું સ્વરૂપ-ઈત્યાદિ સ્વરૂપો અલ્પજ્ઞ મનુષ્યો બતાવી શકતા નથી. તે બતાવવાનું કામ બહુશ્રુતનું જ છે બહુશ્રુત વિનાના અલ્પજ્ઞો તેવી બાબત વર્ણવવા જતાં ગોટનું ચોટ વેતરી નાખે છે અને અસત્ય સ્વરૂપ સત્ય તરીકે જાહેરમાં મુકે છે.

અનેક મુસાફરોને પૂછતાં-કોઇનાથી આભાનગરીનું સ્વરૂપ મળી ન શક્યું તેથી પ્રેમલા પોતે તો ઉદાસ થઇ પણ તેણે બીજાઓને ઉદાસ કર્યા નહીં. કેટલાક એવા માણસો હોય છે કે જે પોતાનું દુઃખ વારંવાર વર્ણવીને બીજાઓને દુઃખી કર્યા કરે છે અને કેટલાક એવી બાબતમાં બીજાને દુઃખી કરતા નથી, પણ પોતાનું દુઃખ પોતેજ સહન કરી પોતાની સહનશક્તિમાં વધારો કરે છે.

પ્રેમલાને ભાગ્યયોગે અનાયાસે જ ઘાચારણ મુનિની જોગવાઇ મળી જાય છે. તેનાથી તે ધર્મ પામે છે, એટલે પરમ લાભ મેળવે છે. પરંતુ એવા મહાત્મા પાસે પોતાનું દુઃખ ગાઈ તેના નિવારણનો ઉપાય તે પૂછતી પણ નથી. તે જાણે છે કે-આવા મહાત્માઓ સાંસારિક દુઃખોનું નિવારણ કરવા પધારતા નથી, તેઓ તો આત્મિક દુઃખોનું નિવારણ કરવા આવે છે અને આત્મિક સંપત્તિ તેઓ મેળવી આપે છે. સાંસારિક સુખોને તેઓ અનિષ્ટ અને તુચ્છ માને છે. એવા મહાત્માઓ પાસે પોતાની સાંસારિક સ્થિતિની વાતો કરવી તેપણ તેમના અમૂલ્ય વખતનો ગેરઉપયોગ કરવા જેવું છે. હાલમાં સાધુ સાધ્વીઓની પાસે પોતાના સાંસારિક દુઃખોને રડનારા શ્રાવક શ્રાવિકાઓએ આ હકીકતપરથી બહુ ધડો લેવા જેવું છે. મુનિમહારાજા પોતાના જ્ઞાનધ્યાનમાં નિમગ્ન હોય, તેમાંથી વખત બચાવીને આપણા ઉપકારને માટે આપણને ઉપદેશ આપે. તેવા વખતને અમૂલ્ય તેમજ કિંમતી માનનારા મહાપુરૂષના વખતનો આપણે કષાય ઉત્પન્ન કરે તેવી વાતચિતમાં ભોગ લેવો અથવા સાંસારિક ખટપટની કે સુખદુઃખની વાતો કરી તેમના વખતનો દુરૂપયોગ કરાવો તે તેમની એક પ્રકારની આશાતના છે, અવિનય છે, અવિવેક છે. માટે તેઓ સંસારથી વિરક્ત થયેલા હોવાથી તેમને વિરક્ત જ રહેવા દેવા અને આપણે તેમની જેવા વિરક્ત થવા ઇચ્છવું-તેને માટે પ્રયત્ન કરવો એજ આપણું ખરૂં કર્તવ્ય છે. પ્રેમલા તે વાત સમજતી હતી, તેથી તે જંઘાચારણ મુનિરાજ પાસે તેવી વાતજ કરતી નથી અને શ્રાવકના વ્રત ગ્રહણ કરી પોતાના આત્માને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉશાત કરવા તત્પર થાય છે.

જંઘાચારણ મુનિ અપ્રતિબદ્ધ વિહારી હોય છે તેથી તે તો જેવા આવ્યા હતા તેવાજ આકાશ માર્ગે ચાલ્યા જાય છે. મુનિ માત્રની સ્થિતિ આવીજ હોય છે. આવોજ પરમાત્માએ તેમને માટે માર્ગ ઉપદિશ્યો છે. ગૃહસ્થના પ્રતિબંધમાં વધારે આવવાથી ગૃહસ્થો વગર વિચારે તેમને પોતાની જેવાજ બનાવી દેવા પ્રયત્ન કરે છે અને જો બહુ પ્રસંગમાં પડે છે તો પરિણામ પણ તેવુંજ આવે છે.

હવે નવકાર મંત્રનો પ્રભાવ આગળ આવે છે. આશીભાવ વિના પરમાત્માની ભક્તિ અને નવકાર મહા મંત્રનું સ્મરણ કરવાથી શાસનદેવી પ્રગટ થઇ પ્રેમલાને તેના પતિ ૧૬ વર્ષે મળવાનું કહી જાય છે. આેથી તે નિશ્ચિંત થાય છે એટલુંજ નહીં પણ પોતાની વાત સત્ય કરવાનો પૂરાવો મળવાથી તે ઉલ્લસિત થાય છે. તેથી તે પોતાના પિતા પાસે દેવીની કહેલી વાત લજ્જાથી કહે છે. લજ્જા આવવાનું કારણ એટલુંજ છે કે કુળવાન પુત્રી પોતાના વડીલો પાસે પોતાના પતિ સંબંધી વાત બીજી સામાન્ય સ્ત્રીઓની જેમ નિર્લજપણે કરતી નથી. અહીં નવકાર મંત્રના પ્રભાવની હકીકત ખાસ લક્ષ આપવા યોગ્ય છે. શાસ્ત્રકાર સર્વ મંત્રમાં એ મંત્રને ઉત્કૃષ્ટ પદ આપે છે. તે મંત્રના પ્રભાવથી અનેક મનુષ્યોના કાર્યની સિદ્ધિ થયેલી છે, અશકય કાર્યો શકય થયા છે અને દુઃખ દૌર્ભાગ્ય નાશ પામી સુખ સંપત્તિના ભોક્તા થયા છે. આમાં ખામી આવે છે તે તેના પરની આસ્તાની ખામીથીજ આવે છે. જેને પૂરતી આસ્તા છે અને જે તેના આરાધનથી સાંસારિક સુખની આશા રાખતા નથી તે તેનાથી પૂરતો લાભ મેળવી શકે છે, તે વિના બીજાઓ પૂરતો લાભ મેળવી શકતા નથી. નવકાર મંત્રના માહાત્મ્યને માટે મોટા મોટા ગ્રંથો લખાયેલા છે. તેના માહાત્મ્ય ઉપર ઘણી કથાઓ શાસ્ત્રોમાં આપેલી છે. અહીં વિસ્તાર થવાના ભયથી તે બતાવી શકતા નથી; પરંતુ એટલું તો જણાવવું જરૂરનું છે કે નવકાર મહામંત્ર આ લોક સંબંધી અને પરલોક સંબંધી બંને પ્રકારના સુખ આપે છે ને દુઃખ કાપે છે. માટે બીજા બધા ભામા છોડી દઈ તેનુંજ આરાધન કરવા તત્પર થવું યોગ્ય છે.

અનેક પ્રકારના પ્રયાસથી જે કાર્ય સિદ્ધ થતું નથી તે કાર્ય કાળ પરિપકવ થયે બીન પ્રયાસે સિદ્ધ થાય છે. અનેક મુસાફરોથી જે હકીકત મળી શકી નહોતી તે હકીકત વીણાવાળી યોગિનીથી સહેજે મળી શકે છે. યોગિની ચંદરાજાના પરિચયવાળીજ મળી જાય છે. તે ચંદરાજાનો પત્તો આપે છે પણ તે સાથે તેના કુકડા થયાનું પણ કહી દે છે, પરંતુ બે આંખે અપંગ થયેલ માણસ એક આંખે સહજ પણ દેખવા માંડે છે તો તેને જેમ પરમ આણંદ થાય છે, તેમ ચંદરાજાનો પત્તો મળવાથી કુકડો થયાની વાત ગૌણ થઇ જાય છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ને મૂળ હકીકત મુજબ લક્ષ દોરાય છે. યોગિનીને તે પોતાના પિતાની પાસે લઇ જાય છે ને બધી વાત કહેવરાવે છે. આથી તેને પોતાના પતિનો પત્તો મળવાનો અને પોતે સાચી ઠરવાનો એમ બેવડો આનંદ થાય છે. તેના પિતા તેને શિખામણ આપે છે અને ધૈર્ય ધારણ કરવા કહે છે. પ્રેમલા તેનો સ્વીકાર કરે છે. સ્વીકાર કર્યા વિના છુટકોજ નથી. જે વાત અશક્ય હોય-જેમાં પ્રયાસ ચાલી શકે તેમ ન હોય તેમાં ધીરજ રાખવી, પોતે અકળાવું નહીં અને બીજાને અકળાવવા નહીં એજ સુજ્ઞાની રીતિ છે અને એવીજ તેની પ્રવૃત્તિ હોય છે.

પ્રેમલા યોગિનીનો સત્કાર કરે છે. પોતાના પતિનો પત્તો આપનાર હોવાથી તેનાપર સ્નેહ આવે તે સ્વાભાવિક જ છે. યોગિની તેના સત્કારને સ્વીકારીને ત્યાંથી રવાને થાય છે. એવા વ્યાવહારિક યોગીઓ પણ સુખમાં આસક્ત થઇ સત્કારવાળે સ્થાને વધારે રહેવા ઇચ્છતા નથી તેઓ સમજે છે કે-' વહેતું પાણી જ નિર્મળ રહે છે-બાંધેલું ગંધાઇ ઉઠે છે. ' તેથી યોગી પુરૂષો કોઇપણ સ્થાને વધારે પ્રતિબંધ કરતા જ નથી.

યોગિનીના ગયા પછી પ્રેમલા પોતાના ધર્મકાર્યમાં તત્પર થઇ સતી કાળ નિર્ગમન કરવા લાગી. પરંતુ હૃદયમાં રહેલું પતિવિરહજન્ય દુઃખ તેને વારંવાર સંતાપ કરવા લાગ્યું. અહીં પ્રેમલાને આ સ્થિતિમાંજ છોડી દઇ કર્તા ચંદરાજા તરફ દ્રષ્ટિ કરવા - શ્રોતાઓને પ્રેરણા કરે છે. તે સાથે કહે છે કે-હે ભવ્ય પ્રાણીઓ ! તમે આ સંસારમાં તમને પ્રાપ્ત થયેલા સુખથી લોભાઇ જશો નહીં, અને દુઃખથી ડરી જશો નહીં. કારણ કે સુખ કે દુઃખ કોઇના કાયમ રહેતા નથી. શુભ કે અશુભ જેવા જેવા કર્મોનો જ્યારે જ્યારે ઉદય થાય છે ત્યારે ત્યારે તેને અનુસરતા સુખ કે દુઃખ પ્રાપ્ત થાય છે. એમાં કોઇનું ડહાપણ કે કોઇનું પરાક્રમ ચાલી શકતું નથી. તેવે વખતે બીજાની ઉપર ખેદ કરવો તે પણ નિષ્ફળ છે. કારણ કે પોતાને અશુભ કર્મનો ઉદય થયેલો ન હોય તો બીજા કાંઇ પણ કરી શકતા નથી. અશુભ કર્મને ઉદયે બીજા તો નિમિત્ત કારણ જ થાય છે. અહીં ચંદરાજાના સંબંધમાં પણ વીરમતી તો નિમિત્ત કારણ છે; ખરૂં તો તેને અશુભ કર્મનો ઉદય થયો તે જ કારણ છે કે જે કાર્યરૂપે પરિણામ પામ્યું છે.

કર્તા આપણા વિચારને ચંદરાજા તરફ દોરી જઇને તેની સ્થિતિમાં થયેલા ને થવાના ફેરફારો જણાવવા માગે છે. આપણે પણ તે જાણવાના જ ઇચ્છક છીએ. કારણ કે થયેલી સ્થિતિનો ફેરફાર થયા સિવાય તે કુકડા મટીને મનુષ્ય થવાના નથી અને પ્રેમલાના સંબંધમાં આવવાના નથી. તેથી હવે આગળના પ્રકરણમાં તે હકીકત જાણવા તત્પર થવું ને આ પ્રકરણના રહસ્યને હૃદયમાં ધારણ કરી તેનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મનન કરવું. રહસ્ય ખોલવાની મતલબ વાંચકોને થોડાંમાંથી ઝાઝું મેળવી આપવાની છે. તે વાંચકો જો લક્ષપૂર્વક વાંચે તોજ ફળીભૂત થાય તેમ છે, તેથી તેમ કરવા પ્રેરણા કરી આ પ્રકરણ સમાપ્ત કરવામાં આવે છે.

# जैन शासन अने जैन एडवोकेट.

આ બે પત્રોની અંદર હાલમાં આપણા મુનિમહારાજાઓના સંબંધમાં આવતા નિંદાકારક લેખોથી દરેક ગામના જૈન સમુદાયના મન બહુજ દુભાયા છે, ખેદ પામ્યા છે અને દિલગિર થયા છે. ગુરૂભક્તિના આવેશથી અથવા કોઈપણ અન્ય કારણોથી તે લેખ લખાતા હશે, પરંતુ તેની શબ્દ રચના કોઇપણ રીતે પસંદ કરવા લાયક નથી, એટલુંજ નહીં પણ સુજ્ઞ લેખકના લેખને શોભા આપનારી નથી. કેટલીક શબ્દ રચના તો એટલી બધી અયોગ્ય અને અસુંદર લખાણી છે કે જેને માટે અન્ય ધર્મીઓ પણ ખેદના ઉદ્ગાર કાઢ્યા સિવાય રહી શકયા નથી. આ બાબતમાં બે છોકરાઓ લડે ને પોતાની માબહેનને ગાળો ખવરાવે તેવું પણ કેટલેક અંશે બન્યું છે. વળી ગુરૂભક્તિ પણ ખરે માર્ગે નહીં હોવાથી અને પરિણામ પર્યંત દૃષ્ટિ પહોંચાડ્યા સિવાયની તેમજ અન્યની નિંદાવાળી હોવાથી તે ભક્તિએ પોતાના માનનીય પૂજનીય મહાપુરૂષને અન્યના મુખેથી અપશબ્દોથી અલંકૃત કરાવ્યા છે. અમને આવા લેખકો માટે એટલો ખેદ થાય છે કે તેમણે લખવુંજ હતું તો ગુજરાતી ભાષામાં શબ્દ ભંડોળની શી ખોટ હતી કે જેથી આવા કટુ શબ્દોનો ઉપયોગ કરવો પડ્યો? 'ઉત્તમ અને ગુણી મુનિ મહારાજાની નિંદા કરનાર દુર્ગતિમાં જાય, ભવભ્રમણ કરે, નીચ ગોત્ર બાંધે, અસહ્ય દુઃખોનું ભાજન થાય' ઇત્યાદિ શબ્દો શું ઓછા અસરકારક છે કે જેથી બીજા શબ્દોનો ઉપયોગ કરવો પડે.

લોકો ખરી ખોટી હકીકતના સત્ય પરીક્ષક એકદમ થઈ શકતા નથી, તેથી કદી સચ્ચાઈને અંગે કોઈ કઠણ શબ્દ લખવા પ્રેરાતું હોય તોપણ પ્રથમ દર્શને તો તેથી જૈન મુનિઓની નિંદાજ દેખાય છે, જૈન મુનિઓ અન્ય દર્શનીઓની દૃષ્ટિમાં નીચા દેખાયા છે અને જૈનશાસનની અવશ્ય અપભ્રાજના થાય છે એમ અમારૂં શુદ્ધ અંતઃકરણનું મંતવ્ય છે એ અમે અહીં પ્રદર્શિત કર્યા શિવાય રહી શકતા નથી. શ્રી મુંબઇના સંઘે આ સંબંધમાં જે ઠરાવ કર્યો છે તે અમને તો બધી રીતે યોગ્ય લાગે છે. એવો વિચાર દર્શાવનારા અનેક પત્રો અમારી ઉપર આવ્યા છે અને અનેક ગામોના સંઘના પણ એવા વિચારો અમારા જાણુવા-સાંભળવામાં આવ્યા છે. તેથી અમે મુંબઈના સંઘનો ઠરાવ આ નીચે પ્રદર્શિત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરી આ લેખ સમાપ્ત કરીએ છીએ અને આશા રાખીએ છીએ કે હવે પછી એ બંને પત્રના અધિપતિઓ આવી કટુ ભાષામાં લેખો લખવા બંધ કરશે, તેમજ તેવા ચર્ચાપત્રો છાપવા બંધ કરશે અને દરેક પ્રકારે શાંતિ થાય તેવો પ્રયત્ન કરશે.

## મુંબઈના સંઘે કરેલ ઠરાવ.

આજરોજ અત્રે મળેલ શ્રી મુંબઈના સમસ્ત સંઘ હાલમાં જૈન એડવોકેટ તથા જૈન શાસન પત્રોમાં સાધુઓ સંબંધી આવતા પરસ્પર નિંદાના લેખો સંબંધમાં પોતાની સખત નાપસંદગી જાહેર કરે છે. અને એવા લેખો હવે પછી ન પ્રગટ કરવા બન્ને પત્રના અધિપતિઓને તથા તેના લાગતા વળગતાઓને અનુશાસન કરે છે.

આ ઠરાવની નકલ પત્રદ્વારા બંને પત્રકારોને મોકલી આપવા તથા ઠરાવની નકલ શ્રી અમદાવાદ તથા ભાવનગરના શ્રી સંઘ ઉપર મોકલી આપવાની સત્તા સંઘપતિને આપવામાં આવે છે. અને એવું લખવા માટે સંઘપતિને સત્તા આપે છે કે એ બંને શહેરોના સંઘો એ સંબંધમાં યોગ્ય બંદોબસ્ત કરવા વિચાર ચલાવે એવી ભલામણ કરવી. તા. ૨૨-૪-૧૪.

## બે મેમ્બરોના ખેદકારક મૃત્યુ.

### ભાઈ ચુનીલાલ જુઠાભાઈ.

આ સભાસદ ગયા ચૈત્ર શુદ ૧૦ મે ૪૦ વર્ષની વયે માત્ર સામાન્ય વ્યાધિથી પંચત્વને પામ્યા છે. એ ભાઈ પ્રકૃતિએ સરલ, ઉદાર, ધર્મિષ્ટ અને વિવેકી હતા. કાપડના વેપારમાં પ્રવીણ હતા. ઇંગ્રેજી ભાષાનો મેટ્રીક સુધી અભ્યાસ કર્યો હતો. ધર્મ સંબંધી અભ્યાસ પણ ઠીક હતો. તેઓ પોતાની પાછળ ત્રણ પુત્રી ને બે માસના પુત્રને મૂકી તેમજ તેમના મોટા ભાઈ મોતીલાલ વિગેરે કુટુંબીઓને શોકગ્રસ્ત કરી આ ફાની દુનીઆ તજી ગયા છે. અમે તેમના કુટુંબીઓને દિલાસો આપીએ છીએ. સંસાર અસાર છે, તેમાં વસ્તુમાત્ર નાશવંત છે, માટે ગયાના શોક વધારે ન કરતાં તેના આત્માને શાંતિ ઇચ્છવી એજ પાછળવાળાનું કર્તવ્ય છે.

### સંઘવી મગનલાલ કુંવરજી.

આ બંધુ ગયા વૈશાખ શુદિ ૧ મે ૫૧ વર્ષની વયે શ્વાસના વ્યાધિથી પંચત્વને પામ્યા છે. તેઓ ભાવનગરની વીશાશ્રીમાળી ગોધારી વણિક જ્ઞાતિના શેઠ હતા. પ્રકૃતિએ સરલ અને ધર્મચુસ્ત હતા. મોટા મોતીના વેપારી હતા. તેઓ એક વર્ષથી અમારી સભાના સભાસદ થયા હતા. સભા પ્રત્યે સારી લાગણી ધરાવતા હતા. તેઓ પોતાની પાછળ બે પુત્રીઓ ને એક પુત્રને મૂકીને તેમજ લઘુ બંધુ નાનચંદ વિગેરેને શોકગ્રસ્ત કરીને ચાલ્યા ગયા છે. અમે તેમના કુટુંબવર્ગને આશ્વાસન આપીએ છીએ અને તેઓના આત્માને શાંતિ ઇચ્છીએ છીએ.

For Private And Personal Use Only